શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

પૃષ્ઠ : ૪૪

વર્ષ : ૪૯ | મુલ્ય : રૂા. ૮/- | અંક : ૩ | માર્ચ ૨૦૨૧



## માર્ચ માસના મુખપત્રના ''સૌજન્યદાતા''



શ્રી શ્રીકાંતભાઈ (ભીખુભાઈ) સાકરચંદ વસા

આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી તેમજ જૈન સમાજની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ્ મંત્રીશ્રી અને ટ્રસ્ટી શ્રીકાંત (ભીખુભાઈ) સાકરચંદ વસાના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપેલ છે.

પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં તથા માધ્યમિક શિક્ષણ ધોરાજી ખાતે શ્રી દેવકરણ મૂળજી જૈન બોર્ડીંગમાં કરેલ. બોર્ડીંગના ડોનર ટ્રસ્ટી પણ છે. ત્યારબાદ મુંબઈ આવી કૉલેજમાં અભ્યાસ કરી, મુંબઈ યુનિવર્સિટીમાંથી એલએલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે સંસ્થામાં તેઓ વિદ્યાર્થી તરીકે ભણ્યા તે જ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ભૂતપૂર્વ ચૅરમેન તથા માનદ્મંત્રી પદ શોભાવી ચૂક્યા છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

એડવોકેટ તરીકે ઈ.સ. ૧૯૬૫થી ટેક્ષ અને પ્રોપર્ટી કન્સલ્ટન્ટ તરીકેના વ્યવસાયમાં સફળ થયા. ઈન્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટીમાં સક્રિય રસ લઈ ખૂબ સફળતા મેળવી. સાધારણ કુટુંબમાં જન્મ લઈ સંઘર્ષ કરી વકીલાતનો અભ્યાસ કર્યો અને આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. એમની માન્યતા છે કે માનવી પુરુષાર્થથી જીવનમાં સફળ થાય છે. જોકે પ્રારબ્ધ હોવું પણ જરૂરી છે, પરંતુ પ્રારબ્ધ માનવીના હાથમાં નથી અને પ્રારબ્ધ માટે ઈશ્વરમાં શ્રદ્ધા તથા પ્રાર્થના સિવાય કોઈ વિકલ્પ પણ નથી. નિષ્ઠાપૂર્વક કરેલાં પ્રયત્નો, ઉઠાવેલો પરિશ્રમ અને ખંતપૂર્વકની સારી સમજણથી વ્યક્તિત્વનો વિકાસ શક્ય છે. વ્યક્તિ સમય અને સંજોગો પ્રમાણે શાણપણથી વિચારે, યોગ્ય આયોજન (પ્લાનિંગ) કરે તો સફળતા સહજ છે. નૈતિક મૂલ્યોનો આધાર અને કેળવણી જીવનમાં સમૃદ્ધિ લાવે, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ ને સુ-સ્વાસ્થ્ય પણ આપે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' નો અમલ કરવા માટે સપ્રમાણ જીવન જીવવું જરૂરી છે. અંતિમ માર્ગી બનવા કરતાં મધ્યમ માર્ગી બનવામાં વિશેષ ડહાપણ છે. આર્થિક સ્વાવલંબન જીવનમાં જરૂરી છે.

ધનનો સદુપયોગ થવો જરૂરી છે, પરંતુ માત્ર ધન જ બધું સુખ આપી શકતું નથી. વિવેકદૃષ્ટિ, પ્રમાણભાન, કોઠાસૂઝ અને સમયસરનો યોગ્ય નિર્ણય વગેરે સફળતામાં સહાય કરે છે. વ્યવહારુ અભિગમ કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાં શીખવવામાં આવતાં નથી. તેના માટે યોગ્ય વાંચન અને સંત-સમાગમ જરૂરી છે. શિસ્ત અને નિયમિતતાના તેઓ આગ્રહી છે.

તેઓશ્રી ઘણી સંસ્થાઓમાં સભ્ય છે. કંપનીઓમાં ડાયરેક્ટરનાં હોદ્દા સંભાળે છે. રોટરી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના પણ તેઓશ્રી પ્રમુખ રહી ચૂક્યા છે.

સમાજોત્કર્ષના અભિગમમાં શ્રીકાંતભાઈ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઈશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્ભાવના.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**For Website Registration Mobile No. 9372118417**

**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨, મોબાઈલ : ૯૩૨૧૭૭૫૮૦૫**

સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)

Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com

www.svjainsamaj.com

**તંત્રી : શ્રીમતી કીર્તિબેન મયુરભાઈ મહેતા** મો. ૯૨૨૪૭૭૧૨૩૮

**સહતંત્રી : શ્રી નિખીલ કિશોરકુમાર શાહ** મો. ૯૬૧૯૬૧૯૯૯૭



### સમાજની કારોબારી સમિતિ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- પ્રમુખ
શ્રી ગિરીશભાઈ કાંતિલાલ પારેખ ------------------ ત.ભૂ. પ્રમુખ
શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા ------------------ ઉપ-પ્રમુખ
શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા ------------------ માનદ્‌મંત્રી
શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની -------------- માનદ્ સહમંત્રી
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ------------- માનદ્ ખજાનચી
શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી-------------- માનદ્ સહખજાનચી
શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા ----------------------- સભ્ય
શ્રી અશોકભાઈ દલિચંદ ભણશાલી ---------------------- સભ્ય
શ્રી નિખીલભાઈ કિશોરકુમાર શાહ ---------------------- સભ્ય
શ્રી પિયુષભાઈ હરકિશનદાસ શાહ ---------------------- સભ્ય
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર------------------------ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ----------------------- સભ્ય
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ------------------------ સભ્ય
શ્રીમતી નીતાબેન પરેશભાઈ શેઠ ---------------- કૉ. ઓપ્ટ સભ્ય
શ્રીમતી દીપ્તિબેન દીક્ષિતભાઈ માઝની ----------- કૉ. ઓપ્ટ. સભ્ય

### સલાહકાર સમિતિ

**શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા - શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી**
**શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ**



**BANK DETAILS:**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, J. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARB0BULLIO MICR : 40012047**

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER: UNION BANK OF INDIA**
**Princess Street, Mumbai - 400 002**
**S.B.A/c. No. 319102010054364**
**IFSC : UBIN0531910**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**

**Auditor : Viren Vasa & Associates**
**Chartered Accountants, Mumbai**

| **લવાજમના દરો** | **ભારતમાં** |
|---|---|
| વાર્ષિક : રૂા. ૧૦૦/- | આજીવન રૂા. ૧૫૦૦/- |

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોની પાસે,
પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫ **ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**



# શ્રી સોરઠ વિશાશ્રીમાળી

**અંક - ૩ ⊙ વર્ષ : ૪૯ ⊙ માર્ચ ૨૦૨૧ ⊙ મૂલ્ય રૂા. ૮**


## ''છું જ હું''

ચારે તરફ અંધાર વચ્ચે, દ્વાર જેવો છું જ હું !
ને તે છતાં ક્યાં સ્હેજ પણ, અંધાર જેવો છું જ હું ?

ઝાકળ કે પરપોટો નથી, જળધાર જેવો છું જ હું !
બંદી કિનારાનો ય જો, સંચાર જેવો છું જ હું !

પોતે જ પરપોટો છે, તો એવું વિચારે એ ભલે,
કોણે કહ્યું આ શ્વાસને, પળવાર જેવો છું જ હું !

મારાં તળે ચોધાર સીંચ્યાં છે, ગઝલનાં મૂળ મેં,
બેસીને માથે તપ કરો, ગિરનાર જેવો છું જ હું !

આ મારી છાતી ભીતરે, જો સૂર્યવંશી હોઉં હું,
બીકણ સમય ના માન, પ્હેરેદાર જેવો છું જ હું !

તાલે ચરણ ને શ્વાસના, નીરવ મને હું સાંભળું,
છોને કહે મીરાં મને, ઝનકાર જેવો છું જ હું !

હું ક્યાં સુધી વહેતો રહું, મારા જનમ અભિશાપને ?
ખોડો મને કે મૂર્તિના, અવતાર જેવો છું જ હું !

જાહોજલાલી દે મને, વેરાન મારા ઓ સમય
નવ રત્ન ગણ કે અકબરી, દરબાર જેવો છું જ હું !


મારા વિશે ક્યારે અમસ્તો, ભય સતાવે ધોધને !
ખીણો વિશે ઝરણાં સગો, પડકાર જેવો છું જ હું !

નાચ્યું નચાવ્યું વ્રજ ભલે ''પરવેઝ'' બંસી-નાદથી
કોની સમાધિનો કહો, ટહુકાર જેવો છું જ હું !

''પરવેઝ''ગઝલોની, ગુનેગારી સબબ જો ક્યાં છું હું !
અખિલાઈની ઝંઝીરમાં, હદપાર જેવો છું જ હું !

**- સતીન દેસાઈ ''પરવેઝ''**

# ૧૨મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. ધીરજલાલ ચંદુલાલ માઝની

**સ્વર્ગવાસ : તા. ૨૧-૩-૨૦૦૯, ફાગણ વદ ૧૦**

**''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,**

**સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.''**

**આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા**

**પરમ શાંતિ આપે તેમ જ આપના આશીર્વાદ હંમેશ**

**અમારી સાથે રહે એવી અમારી**

**અંતઃકરણપૂર્વકની પ્રાર્થના... !!!**

લિ.

ધર્મપત્ની : **લીલમબેન**

પુત્ર : **હરેશ, નરેશ**

પુત્રવધૂ : **હીના, વૈશાખી**

પુત્રી-જમાઈ : **કલ્પના અમિતકુમાર મોદી**

પૌત્ર : **હેમીત, જૈનીલ**

**તથા**

**સમસ્ત માઝની પરિવાર**

KAYAMI / MARCH



# તંત્રીસ્થાનેથી

મારા વાચક મિત્રો, વડિલબંધુઓ,

સહુને મારા સાદર પ્રણામ,

**ખેતરે મલકે મોઘાં મોલ,**
**ફાગણે વાગે ફાગિયા ઢોલ**
**મનમાં ઝૂમે ખુશીના ગીત**
**આજે ઝૂમે મનના મીત**
**કે હોળી આવી રે**
**અબીલ ગુલાલ છાયો રે આકાશ.**
**પાપનો થાજો રે ભાઈ નાશ**
**કે હોળી આવી રે**

સહુને મારી રંગભરી, પ્રેમસભર, હોળીની શુભકામના. હોળી આવતા લોકો ખુબ ઉત્સાહિત થઈ જાય છે. વર્ષનો આ સમય વસંતઋતુના વધામણાનો સમય હોય છે. ખેતરો પાકથી લહેરાતા હોય છે. યુવાન હૈયા વસંતની સાથેસાથે ખીલી ઊઠે છે. કુદરતમાં પુષ્પોને પમરાટ અને એક અનેરી માદકતા છવાઈ જાય છે. જે ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈને ઝૂમી ઊઠતા જુવાન નર-નારીઓમાં જણાઈ આવે છે. એટલે હોળીને 'વસંતોત્સવ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

લોકો પ્રગટાવેલ હોળીની પ્રદક્ષિણા કરે છે. તેમ જ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી હોળીનું પૂજન કરે છે. ઊજવણીની રીતો અલગ હોઈ શકે પણ ભાવના એક જ હોય છે. અને તે એ છે કે હોળી પ્રગટાવી આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. આપણા સૌ નાં અંદરના આસુરી તત્વોનો આપણે પોતે જ નાશ કરવાનો છે. અંદરના અહંકારને, રાગને, ઈર્ષાને આ બધા આસુરી તત્વોનો નાશ કરવાનો છે. જેમ હોળી પછી ધૂળેટીમાં રંગોથી લોકો એકબીજાને રંગીને આનંદ વ્યક્ત કરે છે. તેમ સાચા અર્થમાં અંદરના બધા કષાયને બહાર નિકાળીને રંગોની એટલે કે આનંદની ધૂળેટી રમવાની છે.

જ્યાં સંપ છે, સહકાર છે. એકબીજાને સમજવાની અને સમજાવવાની સમજ છે. ત્યાં રોજ આનંદની ધૂળેટી હોય છે. જ્યાં આનંદ અને ઉલ્લાસ છે ત્યાં મંગલ હી મંગલ છે. તો આવો આ હોળીમાં સહુને સાથ આપવાનો સંકલ્પ કરીએ અને સાચી આનંદમય ધૂળેટી ઉજવીએ.

K. M. Mehta

# વાર્ષિક અહેવાલ

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - ભાયંદર

## ''૪૨મી વર્ષગાંઠ સ્નેહમિલન યાત્રા પ્રવાસ''




શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)ની ૪૨મી વર્ષગાંઠ નિમિત્તે સ્નેહમિલનનો જીવદયાધામનો એક દિવસીય યાત્રા પ્રવાસનું તા. ૨૮.૨.૨૦૨૧ ના રોજ આયોજન કરેલ હતું. સવારનાં ૭.૩૦ કલાકે ત્રણ બસ દ્વારા આશરે ૧૪૫ સભ્યો જીવદયા ધામ જવા રવાના થયા. ત્યાં પહોંચી નવકારશી કરી સેવાપૂજા કરી ભાયંદર મહિલા મંડળે ત્યાં સ્નાત્રપૂજા ભણાવી.

ત્યારબાદ બપોરનું જમવાનું પછી થોડો આરામ કરી બપોરે ત્રણ વાગ્યે મંડળનો વાર્ષિક સમારંભ રાખેલ હતો. જેમાં દાતાઓનાં બહુમાન, શૈક્ષણિક પારિતોષિક, તપસ્વીઓના બહુમાન તથા વક્તવ્યો રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સંઘપૂજન કરી કાર્યક્રમની પૂર્ણાવૃતિ કરવામાં આવેલ. સંઘપૂજનનો લાભ માતુશ્રી નિલમબેન નગીનદાસ વોરા પરિવારે લીધેલ હતો.

ત્યારબાદ ચા-પાણી પીને બધા ગૌશાળા ગયા હતા ત્યાંથી પરત આવી ચૌવિહાર કર્યો ત્યારબાદ થોડો આરામ કરી આરતી મંગળદિવો ઉતારી બધા ભાયંદર પરત ફર્યા.

સમગ્ર આયોજનને સફળ બનાવવામાં જે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થયા હોય તે દરેકનો ખૂબ-ખૂબ આભાર.

# આ વાર્ષિક સમારંભ સ્નેહમિલન યાત્રા પ્રવાસ માટે સહયોગી દાતાઓ...

**સંઘપતિ** - માતુશ્રી હંસાબેન મનસુખલાલ મીના હ. કેતનભાઈ

**નવકારશી** - માતુશ્રી કાંતાબેન ચુનીલાલ વસા હ. જયેશભાઈ
- માતુશ્રી હીરાલક્ષ્મીબેન નવલચંદ વારીયા
- સ્વ. જયાલક્ષ્મીબેન શાંતીલાલ મહેતા હ. શરદભાઈ - નિતિનભાઈ
- માતુશ્રી નિરંજનાબેન મહેન્દ્રભાઈ ભણસાલી

**બપોરનું જમણ** - માતુશ્રી નિર્મળાબેન દિપચંદ વોરાની સ્મૃતિ નિમિત્તે ''શત્રુજય પરિવાર''
- સ્વ. જગદીશભાઈ નરોત્તમદાસ મહેતા હ. રીટાબેન તથા શ્રી મનીષભાઈ પ્રભુદાસ મહેતા
- માતુશ્રી હંસાબેન શશીકાંત શેઠ તથા પ્રભાવતીબેન અને વૃજલાલ સૌભાગ્યચંદ સાવડીયા પરિવાર
- શ્રીમતિ જાગૃતિબેન ભરતભાઈ મહેતા ઉપધાન તપ નિમિત્તે

**ચા-પાણી** - સ્વ. રમેશભાઈ જગજીવન રામાણી
- શ્રી હસમુખભાઈ કાંતીલાલ મહેતા

**ચૌવિહાર** - માતુશ્રી નિલમબેન નગીનદાસ વોરા
- માતુશ્રી રસિલાબેન જેઠાલાલ મહેતા હ. હર્ષદભાઈ
- માતુશ્રી રેખાબેન મનહરલાલ મહેતા

**બસ** - માતુશ્રી દક્ષાબેન કાંતીલાલ શાહ પરિવાર
- શ્રી વસંતરાય નાગરદાસ શેઠ હ. રોહિતભાઈ - હરિશભાઈ તથા શ્રી ધનેશભાઈ જગજીવન ધોળકીયા

**શૈક્ષણિક** - ધો. ૧ થી ૧૨ પ્રથમ પારિતોષિક
- શ્રી અનંતરાય લવચંદ મહેતાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી (મુલુંડ)
- ધો. ૧ થી ૧૨ દ્વિતીય પારિતોષિક માતુશ્રી કોકિલાબેન હસમુખભાઈ શાહ

**તપસ્વીનું બહુમાન** - માતુશ્રી કાંતાબેન ચુનીલાલ વસા હ. જયેશભાઈ


આ સર્વે દાતાઓનો મંડળ આભારી છે. આ ઉપરાંત જેમણે પણ પોતાનો અમુલ્ય ફાળો આપ્યો છે જેમનો ખૂબ-ખૂબ આભાર.

એજ -

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ**

**ભાયંદર કમિટીના સભ્યો**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા

મૂળ વતન : ધોરાજી

જન્મ તારીખઃ ૨૮-૧-૧૯૩૧ સ્વર્ગવાસ : તા. ૮-૩-૨૦૦૫

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,
સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.
સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.
આપનો હસતો તેજસ્વી ચહેરો, પરોપકારી સ્વભાવ,
ધર્મ અને જીવન પ્રત્યેની ઉદાર ભાવના.
સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે.

લિ.

ગં. સ્વ. વિજયાબેન વૃજલાલ વોરા

કિરીટ, ગીતા, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન, શૈલેષ, રૂપલ, કેવલ,
કૈલેશ, નીતા, હેનલ, પ્રિયા, રાજેશ, બીના, આગમ

જ્યોતિ રાજેન્દ્રભાઈ મહેતા

**-: શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવારઃ-**

**VORA SHAILESH VRAJLAL**

D-401, PANCHAM APT., BLDG., NO. 1, HEMU KALANI ROAD NO. 2.,
IRANI WADI, KANDIVALI (W), MUMBAI - 400 067.
MOBILE - 9821045422

KAYAMI / MARCH

# JJC KANDIVALI

**JAIN SAGPAN MATHITI CENTRE KANDIVALI**
**28014628 / 28091010 / 9821050169**

## "પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર"

JAIN SAGPAN MAHITI CENTRE KANDIVALI RUN BY JJC KANDIVALI SINCE 2009 WITH SUPPORT & BLESSINGS OF JJC CENTRAL BOARD CHARITABLE TRUST WILL BE ORGANIZING **"1ST VIRTUAL INTERNATIONAL YUVA MELA"** FOR ALL JAINS ELIGIBLE GRADUTAE BACHELORS RESIDING AT DUBAI, NAIROBI, EUROPIAN COUNTRIES, LONDON, USA & CANADA OR ANY OTHER COUNTRIES ON ZOOM APP ON **SUNDAY 4TH APRIL 2021** INDIA TIME **7.00 PM.** THOSE INTERESTED SHOULD SEND THEIR BIODATA IN PRESCRIBE PROFORMA WHICH IS AVAILABLE ON FOLLOWING LINK :

**http://jjckandivali.com/pdf/1st-InternationalYuvaMelaforallgraduates-above-date%2004.04.2021.pdf**

PLEASE EMAIL BIODATA & PHOTOGRAPH TO **jjckvli@gmail.com**

No charges for any participants & their parents who can also join on zoom simultaneously. The entire programme will also relay on **"YOUTUBE".**

After receipt of biodata, the participants will get confirmation with their serial no. on email or on their whatsapp number.

The details of link will be shared 3 days before the event.

For any further information you can do whatsapp or call to **Sanjay Shah on 9821050169** on any day between 8.00 am to 10.00 am & 8.00 pm to 11.00 pm India time.

Graduate bachelors residing in India who wants to go aborad can also participate in this event please.

| | | | |
|---|---|---|---|
| INDIA | SUNDAY - 7.00 PM | DUBAI | SUNDAY - 5.30 PM |
| NAIROBI | SUNDAY - 4.30 PM | EUROPEAN COUNTRIES | SUNDAY - 3.30 PM |
| LONDON | SUNDAY - 2.30 PM | NEW YORK | SUNDAY - 9.30 AM |
| TORONTO | SUNDAY - 9.30 AM | CHICAGO | SUNDAY - 7.30 AM |
| L.A.C.A. | SUNDAY - 5.30 AM | PERTH | SUNDAY - 9.30 PM |

**Sanjay B. Shah**
**(President JJC Kandivali)**


# બાયપાસ

કામ સબબ મારે વૃદ્ધાશ્રમ જવાનું થયું. કામ પતાવી વડીલોને મળવા ગયો.

એક રૂમનાં બારણાં પર મણિભાઈ શેખા નામ વાંચ્યું. હું ઊભો રહી ગયો. બારણે ટકોરા માર્યા. બારણું ખૂલ્યું, 'અરે ગુણવંતભાઈ, તમે? આવો આવો. આજ તો આ બાજુ ભૂલા પડ્યા.'

અમે બેઠાં, વાતો ચાલી. વાતોમાં હું મનમાં વિચારતો હતો કે એક તો મણિભાઈ ઘરભંગ. એમાં છોકરાની કનડગત. આ અવસ્થાએ વૃદ્ધાશ્રમમાં આવવું પડ્યું. એમની વાતમાં ને અવાજમાં લાગતું હતું કે તેઓ હિંમત હારી ગયા હતા. હું એમને હિંમત, સધિયારો આપતો રહ્યો. કામ હોય તો ગમે ત્યારે બોલાવવા કહ્યું. આનંદથી જીવન જીવવા સમજાવ્યું.

'હે ગુણવંતભાઈ, મણિભાઈ બોલ્યા, 'જીવનપથમાં ક્યાંય બાયપાસ ન આવે?'

'એવું ન વિચારો મણિભાઈ. ધાર્યું ધણીનું થાય. તમે નાહકના ચિંતા કરો છો. અહીં કેટલાય આપની જેવા જ જીવી રહ્યા છે? હું બેઠો છું ને! સંકોચ વિના ફોન કરજો. કહી હું ઘરે ગયો. જતાં પહેલાં મૅનેજરને પણ મારો ફોન નંબર લખાવી દીધો.

એક દિવસ વહેલી સવારે ફોન આવ્યો, 'ગુણવંતભાઈ, જલદી વૃદ્ધાશ્રમમાં આવો. મણિભાઈ...' ફોન કટ થઈ ગયો.

હું ઉતાવળે વૃદ્ધાશ્રમ પહોંચ્યો. વૃદ્ધો મણિભાઈને ઘેરીને ઊભા હતા. મૅનેજરે કહ્યું, 'છેલ્લી ઘડીએ આ ચિઠ્ઠી તમને આપવાનું કહ્યું હતું.'

મેં ચિઠ્ઠી ખોલી. લખ્યું હતું, 'બાયપાસ'.

**- રવજીભાઈ કાચા**

# શ્રદ્ધાંજલિના શ્રદ્ધાસુમન

જન્મ :
તા. ૫-૨-૧૯૪૭





અરિહંતશરણ :
તા. ૭-૩-૨૦૧૫



## સ્વ. હર્ષદભાઈ રતિલાલ મહેતા

તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા,
યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસ્વીર તમારી, આંસુ ઊભરાય છે.

## પ્રેમાળ પરિવાર

સ્વ. વિમળાબહેન રતિલાલ મહેતા

શ્રીમતી કિરણબહેન હર્ષદભાઈ મહેતા

ચિ. બિનીતા નિખિલેશ ઉતપત્ત

રમેશભાઈ - હેમલતાબેન

મધુકરભાઈ - પ્રજ્ઞાબહેન

મનોજભાઈ - કુંદનબહેન

ઈન્દુબહેન - સ્વ. ભૂપતરાય અજમેરા

સરલાબહેન - સ્વ. નીતિનભાઈ વોરા

મીનાક્ષીબહેન - નરેશભાઈ વોરા

સ્વ. નિર્મળાબહેન કાંતિલાલ વોરા

મહેશભાઈ - પ્રીતિબહેન

પંકજભાઈ - રેખાબહેન

KAYAMI / MARCH

# લક્ષ્મીનાં પગલાં...

નાનકડી એવી વાર્તા છે. સાંજના સમયે એક છોકરો ચપ્પલની દુકાનમાં જાય છે. ટિપિકલ ગામડામાંનો. આ નક્કી માર્કેટિંગવાળો હશે, એવો જ હતો, પણ બોલવામાં સહેજ ગામડાની બોલી હતી, પણ એકદમ કૉન્ફિડન્ટ.

૨૨-૨૩ વર્ષનો હશે.

દુકાનદારનું પહેલા તો ધ્યાન પગ આગળ જ જાય. એના પગમાં લેધરનાં બૂટ હતાં, એ પણ એકદમ ચકાચક પૉલિશ કરેલાં...

દુકાનદારઃ શું મદદ કરું આપની...?

છોકરોઃ મારી મા માટે ચપ્પલ જોઈએ છે, સારી અને ટકાઉ આપજો...

દુકાનદારઃ એ આવ્યાં છે? એમના પગનું માપ...?

છોકરાએ વૉલેટ બહાર કાઢી એમાંથી ચાર ઘડી કરેલ એક કાગળ કાઢ્યો, એ કાગળ પર પેનથી બે પગલાં દોર્યાં હતાં.

દુકાનદારઃ અરે મને પગના માપનો નંબર આપત તોય ચાલત...!

એમ જ એ છોકરા એકદમ બાંધ ફૂટે એમ બોલવા લાગ્યો, ‘શેનું માપ આપું સાહેબ...?’

મારી માએ આખી જિંદગીમાં ક્યારેય ચપ્પલ પહેર્યાં નથી. મારી મા શેરડી તોડવાવાળી મજૂર હતી.

કાંટામાં ક્યાંય પણ જાતી. વગર ચપ્પલની ઢોર હમાલી અને મહેનત કરી અમને શિખાવ્યું. હું ભણ્યો અને નોકરીએ લાગ્યો. આજે પહેલો પગાર મળ્યો. દિવાળીમાં ગામડે જાઉં છું. મા માટે શું લઈ જાઉં...? આ પ્રશ્ન જ નથી આવતો. મારાં કેટલાં વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી મા માટે હું ચપ્પલ લઈશ.

દુકાનદારે સારી અને ટકવાવાળી ચપ્પલ દેખાડી અને કીધું આઠસો રૂપિયાની છે. છોકરાએ કીધું ચાલશે. એવી તૈયારી એ કરીને જ આવ્યો હતો.

દુકાનદારઃ એમ જ પૂછું છું, કેટલો પગાર છે તને.

છોકરોઃ હમણાં તો બાર હજાર છે. રહેવાનું, ખાવાનું પકડીને સાત-આઠ હજાર ખર્ચો થાય. બે-ત્રણ હજાર માને મોકલાવું છું.

દુકાનદારઃ અરે તો આઠસો રૂપિયા થોડાક વધારે થાશે.

છોકરાએ દુકાનદારને અધવચ્ચે જ રોક્યો અને બોલ્યો, રહેવા દ્યો, ચાલશે. દુકાનદારે બૉક્સ પૅક કર્યું. છોકરાએ પૈસા આપ્યા અને બહુ જ ખુશ થઈને બહાર નીકળ્યો.

મોંઘું શું, એ ચપ્પલની કોઈ કિંમત થાય એમ જ નહોતી.

પણ દુકાનદારના મનમાં શું આવ્યું કોને ખબર. છોકરાને અવાજ આપ્યો અને થોભવાનું કીધું. દુકાનદારે હજી એક બૉક્સ છોકરાના હાથમાં આપ્યું.

અને દુકાનદાર બોલ્યો, ‘લે આ ચપ્પલ અને માને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે’. પહેલી ચપ્પલ ખરાબ થઈ જાય તો બીજી વાપરવાની. તારી માને કહેજે કે હવે વગર ચપ્પલનું નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાનું.

દુકાનદાર અને એ છોકરાની એમ બેઉની આંખોમાં પાણી ભરાઈ ગયાં. શું નામ છે તારાં માનું? દુકાનદારે પૂછ્યું.

‘લક્ષ્મી’, છોકરો એટલું જ બોલ્યો.

દુકાનદાર તરત જ બોલ્યો, મારા જય શ્રીકૃષ્ણ કહેજે એમને અને એક વસ્તુ આપીશ મને...? પગલાં દોરેલો પેલો કાગળ જોઈએ છે મને...!

એ છોકરો પેલો કાગળ દુકાનદારના હાથમાં દઈને ખુશ થઈ નીકળી ગયો. પેલો ઘડીદાર કાગળ દુકાનદારે દુકાનના મંદિરમાં રાખી દીધો. દુકાનના મંદિરમાં રાખેલ એ કાગળ દુકાનદારની દીકરીએ જોયો અને પૂછ્યું, બાપુજી આ શું છે...?

દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરીને બોલ્યો, ‘લક્ષ્મીનાં પગલાં’ છે બેટા. એક સાચા ભક્તે દોરેલાં છે. આનાથી બરકત મળે ધંધામાં.

દીકરીએ, દુકાનદારે અને બધાએ જ એ પગલાંને ભાવભક્તિ સાથે નમન કર્યું...!

# શ્રદ્ધાંજલિ



## શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ પારેખ

**જન્મ : તા. ૧૪-૦૯-૧૯૫૮ સ્વર્ગવાસ તા. ૦૩.૦૨.૨૦૨૧**

સરદારગઢ નિવાસી, હાલ નાલાસોપારા, શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ પારેખ, ૬૩ વર્ષની ઉંમરે તા. ૦૩.૦૨.૨૦૨૧ પોષ વદી છઠને બુધવાર રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા અરીહંત શરણ પામ્યા તે બદલ શ્રી સરદારગઢ નિવાસી સમગ્ર પારેખ પરિવાર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે.

**હૃદય અમારા રડી પડે છે, જોઈ તસ્વીર આપની,**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની,**
**''સુખ દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે**
**સૌના હૃદયમાં વસતા રહ્યા તમે.**
**અંધાર્યા છોડી ગયા, બધાને પ્રેરણા આપી ગયા તમે**
**શાંતિ શાંતિ શાંતિ**

પરમકૃપાળુ અરિહંત પરમાત્મા સદ્‌ગત પુણ્યાત્માને આપના શરણમાં લઈ શાશ્વત સુખ અને પરમશાંતિ અર્પે એવી અંત:કરણપૂર્વક પ્રાર્થના કરીએ અને આપના સમગ્ર પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ જિનેશ્વર પ્રભુ આપે. આપના પરિવારની આ દુ:ખદ પળોમાં આ મંડળનો સમગ્ર પરિવાર આપનો સહભાગી છે.

**શ્રી સરદારગઢ નિવાસી પારેખ ટ્રસ્ટી ગણ - મુંબઈ**

**શ્રી ધીરેન્દ્રભાઈ ન્યાલચંદ પારેખ** | **શ્રી પરેશ વનીચંદ પારેખ** | **શ્રી ચંદ્રકાન્ત ન્યાલચંદ પારેખ**

**શ્રી અજય કાન્તિલાલ પારેખ** | **શ્રી ગીરીશ કાન્તિલાલ પારેખ** | **શ્રી અશોક તારાચંદ પારેખ**

**શ્રી વિરલ પ્રવિણચંદ્ર પારેખ**

## સૌજન્ય સરદારગઢ નિવાસી પારેખ પરિવાર

# 'શાંતિથી ભગવાન ભજીશું'

શેઠજીની હવેલીમાં આજે આનંદનો પાર ન હતો. ચારેકોર ઉલ્લાસ છવાઈ ગયો. શેઠના પુત્ર અમરની પત્નીએ જોડિયા પુત્રોને જન્મ આપ્યો હતો. આખી હવેલીને લાઈટોથી ઝાકમઝાળ કરી દેવામાં આવી હતી. નગરમાં ચારેબાજુ સૌને પેંડા વહેંચવામાં આવ્યા. ગરીબો અને નિઃસહાય લોકોને અનાજનું દાન અપાયું. સગાવ્હાલા, સ્નેહીજનોને ચાંદીના સિક્કાની ભેટ આપવામાં આવી. હવેલીમાં કુટુંબની સ્ત્રીઓએ ભેગાં થઈને મંગળ ગીતો ગાયા. આ બધું જોઈને શેઠ-શેઠાણીની છાતી ગજગજ ફૂલી ગઈ.

શેઠનો વેપાર ધમધોકાર ચાલતો હતો. શેઠ અને તેમના બન્ને પુત્રો અમર અને સમર બધા ધંધામાં ગળાડૂબ હતા. ત્રણે જણાં બહારગામ વારાફરતી ખેપ કરતાં અને પ્રભુકૃપાથી લક્ષ્મી હવેલીમાં ચાલી આવતી હતી.

શેઠાણી ખૂબ ધાર્મિકવૃત્તિની સ્ત્રી હતી. સવારથી જ તેમનો સમય મંદિર, સેવાપૂજા, કથાવાર્તામાં વિતતો હતો. એકવાર શેઠાણીએ શેઠને કહ્યું, ''પ્રભુની અસીમકૃપાથી આપણને કોઈ વાતની ખોટ નથી. મને જાત્રાએ જવાનું ખૂબ મન છે, માટે આપણે જાત્રાએ જઈએ. મારા ભાઈ-ભાભી ટૂરમાંથી ચારધામ જાત્રાએ જવાના છે. આપણે પણ સાથેસાથે જોડાઈ જઈએ ધંધાના હિસાબે તમે તો ભગવાનને પણ ભૂલતા જાવ છો. ઘણું કમાઈ લીધું, એટલે હવે આપણે આપણાં આત્માનું કરીએ.''

''મને હમણાં ટાઈમ નથી. બહારગામના વેપારીઓ આવવાનાં છે, વળી હમણાં ધંધામાં સીઝન ચાલે છે હજુ આપણી પાસે ઘણો સમય છે, પછી શાંતિથી ભગવાન ભજીશું.'' શેઠે જવાબ આપ્યો.

શેઠનો જવાબ સાંભળી સમતાભાવી શેઠાણીએ મન મનાવી લીધું. અવારનવાર શેઠાણી આ રીતે જાત્રાએ જવાનું કહેતાં, ત્યારે શેઠ જવાબ આપતાં ''હમણાં મારે ખૂબ કામ છે, વળી મારે મારા ધંધાનો ખૂબ વિકાસ કરવાનો છે. આપણે ક્યાં ઘરડાં થઈ ગયા છીએ? જાત્રા માટે ઘણો સમય મળશે ત્યારે હું તને બધે વિમાનમાં જાત્રા કરાવીશ અને પછી આપણે બન્ને શાંતિથી ભગવાન ભજીશું.''

શેઠાણીના આત્માને ઘણો વલોપાત થતો, પણ શેઠના માટે તો વેપાર અને લક્ષ્મી સર્વેસર્વા બની ગયા હતા. સમય વહેતો ગયો, અને અમરના બન્ને જોડિયા પુત્રો મોટા થઈ ગયા, ભણી ગણીને પરવાર્યા એટલે શેઠે તેમને પણ ધંધામાં પરોવી દીધા. શેઠ કરતાં ચડી જાય તેવા પુત્ર અને પૌત્રો હતા. વેપારમાં લક્ષ્મીને પામતા ગયા, વધાવતા ગયા અને તેના મહાપૂજારી બનતા ગયા. તેમણે તો નેપાળ, ચીન, જાપાન, શ્રીલંકા, અમેરિકા જેવા વિદેશોમાં ધંધો વધાર્યો. ચારેબાજુ શેઠનું નામ અને વાહવાહ વધતા ગયા.

આમને આમ શ્રાવણનો પવિત્ર માસ આવ્યો. ફરીથી શેઠાણીએ શેઠને વિનંતી કરી. ''તમે માત્ર વેપારધંધાને જ મહત્વ ન આપો. આ વખતે આપણે સહપરિવાર જાત્રાએ જઈએ. બાળકોમાં પણ ધાર્મિક સંસ્કારો જાગે, ધાર્મિક પ્રવૃત્તિ દ્વારા તેમનામાં પણ...''

''કેટલી વાર કહ્યું કે વારેવારે એકની એક વાત કેમ દોહરાવો છો? હજુ ઘણો સમય છે ભગવાન ભજવા

માટે. ઘડપણમાં શાંતિથી ભગવાન ભજીશું...'' શેઠે શેઠાણીને ધમકાવીને ચૂપ કરી દીધા.

એકવાર શેઠે શેઠાણીને કહ્યું, ''આ વખતે હું વેપારઅર્થે અમેરિકા જવાનો છું. તમે મારી સાથે ચાલજો. આપણે પરદેશ ફરી આવીશું.'' ત્યારે તેમનું મુખ વિલાઈ ગયું. શેઠજી તેમની સાથે વાત કરવા માંગતા હતા, પરંતુ લાચાર શેઠની જીભ પર લકવાના તાળા લાગી ગયા હતાં, તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

શેઠનું દર્દ શેઠાણીથી પણ અસહ્ય બની ગયું, તેમણે શેઠને શાંતિ ધરવા જણાવ્યું. ડોક્ટરો, વૈદો, પૂજાપાઠ, બાધાઓ, હોમહવન ન જાણે કેટલાય ઉપચારો શેઠાણી કરી ચૂક્યા. શેઠની તબિયતમાં સુધારો તો થયો, પરંતુ તે ખાસસુધારો ન ગણાય. શેઠના પસ્તાવાનો પાર નહતો, તેથી શેઠ વારેવારે શેઠાણીની માફી માંગતા હોય તેમ હાથ જોડતાં. તેમની માફીમાં, તેમની આંખોમાં સ્પષ્ટ જણાતું હતું કે તેઓ કહી રહ્યાં છે, ''મેં ક્યારેય તારી વાત ન માની, હું આંધળો બનીને લક્ષ્મી પાછળ દોડતો રહ્યો, સાથેસાથે મારા પુત્રો અને પૌત્રોને પણ તે જ રસ્તે દોડાવતો રહ્યો. શાંતિથી ભગવાન ભજીશું, તેનું રટણ જપતો રહ્યો. મારે જે વાત મારા પુત્રો અને પૌત્રોને સમજાવવી જોઈતી હતી તે હું ન કરી શક્યો, અને તેમને પણ લક્ષ્મીના પૂજારી બનાવ્યા. તમે મને માફ કરો...''

આપને નથી લાગતું કે આપણે બધાં આવું જ વિચારીએ છીએ અને અનુસરીએ છીએ. મનુષ્યએ સમજી લેવું જોઈએ દર વખતે આપણું ગણિત સાચું નથી પડતું. ભવિષ્યને સામે રાખીને, વર્તમાનમાં ચાલવું જોઈએ. વર્તમાન સત્ય છે, તેને જીવનનો આયનો બનાવીને, તેના પ્રતિબિંબને સમજવાનો પ્રયત્ન કરવો હિતાવહ છે.

**- ભારતી પી. શાહ**

# માનસ મંથન

દરિદ્રતા એટલે જેનામાં નીચેની સાત વસ્તુ નથી એનું નામ છે.

૧) જ્ઞાનની દરિદ્રતા-જ્ઞાન રંક નર મંદ અભાગી-જ્ઞાન ન હોવું તે દરિદ્રતા છે.

૨) ભાવનું દારિદ્રતા-પ્રેમ વગરનું જ્ઞાન પણ નકામું કે ભગવાનનું જ્ઞાન હોય પણ એના પ્રતિ ભાવ નથી હોતો! એની આંખમાં આંસુ નથી પ્રેમનું ન હોવું, ભાવનું ન હોવું, એ બહુ મોટી દરિદ્રતા છે.

૩) પ્રભુમાં પ્રેમ ભાવ-નિર્મળ ભાવ-બાળક એ છે તેમાં કૃત્રિમતા નથી વ્રજવાસી પાસે ધન નથી પણ પ્રેમની સંપદા છે. ચૈતન્ય મહાપ્રભુ એ પૂછ્યું વ્રજવાસીઓને કે તમને વિયોગ જોઈને સંયોગ? કહે બંને સંતનો સંયોગને ઠાકુરનો વિયોગ.
વાણી-વચનોનું અને વાણીનું દારિદ્રય-વાણીની નિર્ધનતા-હરિનામ વગર, સત્ય વગરનું જ્ઞાનનું દારિદ્રય, ભાવનું અને વાણીનું દારિદ્રય.

૪) વિચારોનું દારિદ્રય - લોકો સારું વિચારવું પણ ભૂલી ગયા છે. બીજા માટે સારું વિચારો કે આપનું શુભ થાય! સારું થાય છે! આપણે વચન કે કાયાથી ભલે તેનું બુરું ન કરી શકીએ પણ વિચારોથી મનથી ખરાબ વિચારીએ છીએ હલકા વિચારો, હલકું વિચારવું એક પ્રકારના દારિદ્રતા છે.

૫) બૌદ્ધિક દરિદ્રતા-બુદ્ધિથી કંગાળ કે અપવિત્ર નિર્ણય ન થવો જોઈએ.

૬) ચિંતનની દરિદ્રતા-હાલમાં ચિંતને ચિંતાનું રૂપ પકડી લીધું છે. તમે શાંતિથી આખા દિવસમાં ૧૦થી ૧૫ મિનિટ ભગવદ્ ચિંતન, શુભ ચિંતન, વૈશ્વિક ચિંતન, આત્મકલ્યાણ માટે ચિંતન કરી આખા વિશ્વનું શુભ હો! એવું ચિંતન કરવું.

૭) મોહની દરિદ્રતા-આગળની છ દરિદ્રતા અભાવ ને કારણે છે પણ જે મોહવાળું દારિદ્ર છે જેમાં કમી નહીં વૃદ્ધિને કારણે દરિદ્રતા છે. જેટલો મોહ વધુ તેટલું દારિદ્ર્ય વધારે એટલા વધુ તમે કંગાળ જેટલો મોહ ઓછો એટલા તમે વધુ સમૃદ્ધ.

**- પ.પૂ. મોરારી બાપુ**

# શિક્ષણ સેતુ

આપણી પ્રાચીન સંસ્કૃતિથી કહેવામાં આવ્યું છે ''યા વિદ્યા સા વિમુક્તર્ય'', પરંતુ સમય સાથે પરિવર્તનો સનાતન નિયમ અહિંયા પણ નવી વ્યાખ્યા સાથે બદલાયો છે. વિદ્યાને શિક્ષણ કહીએ તો વિજ્ઞાનની શોધો, વિશાળ ટેક્નોલોજી મેડિકલ વગેરે અનેક ક્ષેત્રોમાં આજે શિક્ષણ વિકસ્યુ છે. નવા નવા પેટા કોર્સો, ડિપ્લોમા કોર્સ, દરેક ક્ષેત્રમાં દાખલ થયા છે. યુવક અને યુવતીઓની પસંદગી વધતી ગઈ છે. યુવતીઓનું શિક્ષણ પણ વધતું ગયું. મા-બાપ યુવતીઓને પગભર કરવા ગમતું શિક્ષણ અપાવે છે. એક પણ ક્ષેત્ર, શૈક્ષણિક, રાજકીય કે મેડિકલ એવું નહીં હોય જેમાં યુવતીઓ પ્રવેશી ન હોય અને શિક્ષણથી પોતે પગભર થઈ રહી છે. કમાવાની સાથે કેરિયર પણ બનાવતી થઈ છે. કંપનીઓમાં મોટા હોદ્દા પર યુવતીઓ આજે કામ કરી રહી છે. અથાગ પરિશ્રમવાળું પોલીસ કે લશ્કરનું શિક્ષણ પણ આજે યુવતીઓ લઈ રહી છે અને શિક્ષણનો વ્યાપ વધતો ગયો છે.

શિક્ષણ સાથે વધતી સ્ત્રીઓની કે પુરુષોની અભિલાષા **HIFI** જિંદગી જીવવામાં વધતી જાય છે, પરંતુ પ્રશ્ન એ થાય છે કે આ શિક્ષણ 'સેતુ' બને છે? શિક્ષણ સાથે નમ્રતા, સહનશીલતા વગેરે ગુણો આવે તો તે શિક્ષણ સાચા અર્થમાં સેતુ બને છે.

ઉચ્ચ શિક્ષણ ધરાવતી યુવતીઓ જો સાથે બીજા ગુણો પણ ધરાવતી હોય, માતા-પિતાના સંસ્કારો ઉજ્જવળ હોય તો સમાજમાં સમાઈ જાય છે. લગ્ન પછી પણ કુટુંબમાં દરેક વ્યક્તિ સાથે શિક્ષણના **Qualification**થી એકબીજાના મન સુધી પહોંચે છે. પોતાની શૈક્ષણિક લાયકાત પ્રમાણે કામ કરતાં કરતાં પણ ઘરની વ્યક્તિઓ સાથે સેતુ (સુમેળ) બની રહે છે. કુટુંબવ્યવસ્થા, લગ્નજીવન, બાળકો બધાને સંભાળી લે છે.

આ બધામાં અપવાદ જોઈએ તો ઉચ્ચ શિક્ષણ, સારી કમાણી, સારો જોબ ઘણી યુવતીઓને **Carrier Oriented** બનાવી દે છે. જે તેના **Ego**માં કે **Over Confidance**માં પરિમણે છે. ત્યારે તે શિક્ષણ સેતુ ન બનતા સંબંધોમાં તિરાડ પાડે છે. લગ્નજીવન પણ છૂટાછેડામાં પરિણમે છે. પતિ તેનાથી ઓછું કમાતો હોય. તેને માન ન આપતો હોય, ઓછું બોલતો હોય ત્યારે સ્વતંત્ર જીવન જીવવાની આશા સંબંધોને તોડી પાડે છે. શિક્ષણ તેમાં સેતુ નથી બની શકતું.

જીવનના બીજા દરેક ક્ષેત્રોમાં પણ શિક્ષણ બહુ જ વિકસ્યું છે. શિક્ષણ સાથે કે શિક્ષણથી જીવનમાં નમ્રતા, મિલનસાર સ્વભાવ, સહનશીલતાના ગુણો બધા જ ક્ષેત્રોમાં સેતુ બનાવવા માટે જરૂરી છે.

દાકતર દર્દીના સંબંધો જો સહજ હોય તો તેનું શિક્ષણ તે દર્દી માટે સેતુ છે. શિક્ષક અને વિદ્યાર્થીઓનું શિક્ષણ એકબીજાના સેતુ બને છે. અધ્યાત્મિક શિક્ષણ ગુરુઓ માટે શિષ્યોનો સેતુ બને છે. કોર્પોરેટ ઓફિસ કે પ્રાઈવેટ ઓફિસ કે દુકાનોમાં પણ શિક્ષણના સેતુથી કાર્યો ઝડપી અને સ્વસ્થ રીતે થાય છે. એકબીજાના મન સુધી પહોંચી સફળતા મેળવાય છે.

વિજ્ઞાન, આઈ.ટી. ટેક્નોલોજીથી આજે શિક્ષણ હરણફાળ ભણી રહ્યું છે. ત્યારે શિક્ષણના અનેક ક્ષેત્રે ક્રાંતિ થઈ રહી છે. આવનારી નવી પેઢી તે શિક્ષણ સાથે સમજણની કેડી વિકસાવે તો ખરેખર શિક્ષણ માનવી માનવી વચ્ચે એક સેતુ બની રહેશે!

**– પ્રીતિ ભરત દેસાઈ**

# ૨૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન-સ્મૃતિવંદના



## સ્વ. લાભકુંવરબેન ભગવાનજી મહેતા

**સ્વર્ગવાસઃ ફાગણ સુદ - ૧, મંગળવાર, તા. ૭-૩-૨૦૦૦**

સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો.
માતાપિતા બની હિંમત, વહાલ અને હૂંફ આપી અમારા જીવનનું ઘડતર કર્યું.
કાયમી લીધી વિદાય અને મૃત્યુને કર્યું અમર. વર્ષો વીતી ગયાં પણ તમો
અમારા વિચારોમાં, શબ્દોમાં, કાર્યોમાં અને અમારા આનંદમાં હજુ પણ જીવંત છો.
અમારી ઉન્નતિ, પ્રગતિ અને સુખ-શાંતિ માટે અમે આપના ઋણી છીએ.
હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્ગતના આત્માને શાશ્વત સુખ અને
પરમ શાંતિ અર્પો એવી અમારા સહપરિવારની પ્રાર્થના.

**આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ...**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : | **વિનોદ-નયના,** |
| પુત્ર-પૌત્રવધૂ | : | **આશિષ-ચાંદની** |
| દીકરી-જમાઈ | : | **સોનલ-વિશાલ** |
| પ્રપૌત્રી-પ્રપૌત્ર | : | **વિયોના, માહિત** |
| દોહિત્ર | : | **ક્રિશ** |
| પુત્ર-પુત્રવધૂ | : | **સુરેશ-જયશ્રી** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **ભાવીન-કિંજલ** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **જીમીત-કૃપા** |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | **રિયાન-વિયા** |
| બહેન | : | **પુષ્પાબેન નવનીતલાલ વસા** |

તથા

## સમસ્ત મહેતા પરિવાર

**સૌજન્ય : Elegance Realty, Borivali, Mumbai**

KAYAMI / MARCH

## નારી તુ નારાયણી

લોહીના વળગણમાં મલકાણી, નારી તું ક્યાં હારી?
મા ને તનયામાં સમ સંતાણી, નારી તું ક્યાં હારી?
કરતાં લોકો પૂજાવા પારવગરના ટીલાં ટપકાં,
ઈશ કેરા વાઘામાં વંચાણી, નારી તું ક્યાં હારી?
જાણી સૌએ આરસ પગ નીચે રગદોળી, તો શું થ્યું?
તું તો પારસ થઈને પથરાણી, નારી તું ક્યાં હારી?
કાગળની હોડી હંકારી ભવ સાગર તરવા માટે,
શ્રદ્ધા ને વિશ્વાસે પરખાણી, નારી તું ક્યાં હારી?
તું નારી, તું નારાયણ, તું જગદંબા જગજનની પણ તું,
તું ઈશ સ્વરૂપે જો સર્જાણી, નારી તું ક્યાં હારી?
આકાશે ઉડવા ચાહ્યું'તું, પામી ધરતી! તો શું થ્યું?
કાગળ કલમે કેવી વખણાણી, નારી તું ક્યાં હારી?
આ સંસારે તો છે સૌને આશા તૃષ્ણાનું વળગણ,
સદ્‌ભાગ્યે ના એમાં અટવાણી, નારી તું ક્યાં હારી?

**– અલ્પા વસા**

## સમય આયોજનની ફલશ્રુતિ

(૧) તમને 'સમય જ સમય છે' તેવી અનુભૂતિ થશે. હવે તમારી જાત માટે વધારે સમય આપી શકશો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતાનાં અનેક સંશોધનકાર્ય કરતાંકરતાં વાયોલીન વગાડતા હતા તો અણુવૈજ્ઞાનિક ડૉ. હોમી ભાભાએ ઓર્કેસ્ટ્રાનો શોખ કેળવ્યો હતો. મનુભાઈ પંચોળી 'દર્શક' કાર્યકર્તાઓ સાથે પત્તાં રમવા બેસી જતા હતા. તેમ તમે પણ મૂળ કામ પ્રત્યે કેન્દ્રિત થવાથી જે વિશેષ ખાલી ફુરસદનો સમય મળશે તે જીવનને ઉત્સાહ-આનંદની સભર બનાવવા માટે, સર્જનાત્મક પ્રવૃત્તિ માટે કે એકાંતમાં આત્મસાક્ષાત્કાર માટે ફાળવી શકશો

(૨) તનાવ, ચિંતા દૂર થઈ જતાં દરેક કામમાં હળવાશ, રાહત જણાશે. ઘર કે ઑફિસમાં મુક્તપણે કામ કરી શકશો

(૩) કોઈ કામ ભૂલી જવાની આદત છૂટી જશે

(૪) પસંદગીનાં કામો માટે સમય મળી જતાં તાજગી-સ્ફૂર્તિ-આનંદનો અહેસાસ થશે

(૫) આત્મવિશ્વાસ-આત્મગૌરવ વધશે

## હાસ્યની પળો

* હું નાનો હતો ત્યારે પરીક્ષા અગાઉ મને ઘરમાંથી હંમેશા કહેવામાં આવતું કે... જો તું પહેલો નંબર લાવીશ તો તને આ આપીશું... અને પેલું આપીશું... પણ મેં ક્યારેય પહેલો નંબર લાવી અને આવા લોભ લાલચ કે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન નથી આપ્યું... નાનપણથી જ પ્રામાણિક!

* ફેબ્રુઆરી મહિનામાં ઘરવાળી બહું બોલ બોલ કરતી હોય તો મગજમાં ના લેવું... કારણ કે... ૨૮ દિવસનો મહિનો હોય, તેથી તેને પણ એવરેજ મેન્ટેઈન કરવાની હોય છે.

* પતિઃ થેલો ભરીને સવારી ક્યાં હાલી? પિયર જાય છે?

  પત્નીઃ ખોટા રાજી ન થાવ.... આ તો મારા જુના કપડા છે, દાનમાં આપવા જાવ છું.

  પતિઃ કચરા-પોતા કરવામાં વાપરી નાંખને, જુના કપડા કોણ પહેરશે?

  પત્નીઃ એવા કેટલાય ગરીબો હોય છે, ભૂખમરો વેઠતા હોય એને સારા કપડા નશીબ ન હોય, એને આપીએ તો રાજી થાય...

  પતિઃ તું ૧૦૮ કીલોની છો, થોડું લોજીક વાપર! તારા કપડા જેને ફીટ આવે એ લોકો ગરીબ ન હોય...

  તાજા સમાચાર પ્રમાણે પતિ બે દિવસથી ભૂખમરો વેઠે છે.

* હાર્ટ સ્પેશિયાલીસ્ટ પેશન્ટની નળીઓના બ્લોક સમજાવતાં હોય છે, ત્યારે ૭૦% પેશન્ટના સગાઓ પ્લમ્બિંગ અંગેના સવાલો પૂછતાં હોય છે... જેમાં લિકેજ, બ્રેકેજ, નળીઓના જામ અંગે પોતાનું પ્લમ્બર સાથેનું જ્ઞાન ડૉક્ટરને આપતાં હોય છે. 'વાલ્વ બદલી નાખો' અંગે પેશન્ટના ૩૦ % સગાઓ તો વાલ્વને બદલે વાઈસર બદલવા અંગે પણ ડૉક્ટરને માર્ગદર્શન આપતાં હોય છે.

* સાવધાન!!! ફેસબુક પર સાસરાપક્ષની ફ્રેન્ડ રિકવેસ્ટ સ્વીકારવી એટલે... મફતમાં **CCTV** કેમેરા લગાવવા.

* એક સ્ત્રીની વેદના તમે શું જાણો?

  કામ કરે તો 'શ્વાસ' ફૂલી જાય, બેસી રહે તો 'સાસુનું મોં' ફૂલી જાય, અને કશું ન કરે તો બિચારી 'જાતે ફૂલી' જાય.!! બહુ તકલીફ છે જીવનમાં...

# હાર્દિક શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી નવનીતરાય જેચંદ વસા ( પાટણવાવવાળા)

**જન્મ : તા. ૮-૬-૧૯૪૧ સ્વર્ગવાસ : ૨-૩-૧૯૯૨**

*રહેવાને સદાય દુનિયામાં કોઈ આવતું નથી*
*છતાં તમે ગયા એમ કોઈ જતું નથી*
*વિદાય એવી લીધી કે મન હજી માનતું નથી*
*નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી*
*જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે*
*કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌનાં ગુંજ્યા કરે*

વહાલના વડલા જેવું આપનું જીવનઅસ્તિત્વ તો અમારી વચ્ચે નથી, પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવનઘડતર અને સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ અમારા માટે પથદર્શક, પ્રેરણાદાયી અને આશીર્વાદરૂપ બની રહે એજ પ્રાર્થના.

*લિ.*

**સ્વ. ફુલકુંવરબેન જેચંદ જૂઠાભાઈ વસા પરિવાર**


| | | | |
|---|---|---|---|
| પત્ની : | **પુષ્પાબેન નવનીતરાય વસા** | ભાઈ-ભાભી : | **પ્રતાપરાય-અરુણાબેન** |
| પુત્રી : | **ડોલી રાજેશ કોરડિયા** | ભાઈ-ભાભી : | **પ્રમોદભાઈ - દક્ષાબેન** |
| પુત્રી : | **અનિષા અમિત ગાંધી** | ભાઈ-ભાભી : | **વિનોદભાઈ - આરતીબેન** |
| પુત્રી : | **નિશા કેતન વોરા** | પુત્રી : | **નેહા જીગર શાહ** |

ભત્રીજી-ભત્રીજા: ડિમ્પલ પારસ વસા - નીકિતા સીજો જોન, જૂલી નીતેશ ભણશાલી
અમી ભાવેશ પટેલ - બિનીત વિનોદભાઈ વસા - હિરલ વિનોદભાઈ વસા

પૌત્ર-પૌત્રી: રીષભ-જય, મિહીર-દેવ, ઈષા, કેવીન, હર્ષ, વિરાજ, પૂજા, રાજ

**ફોન : પુષ્પાબેન નવનીતરાય વસા (૦૯૩૨૩૧૭૫૩૭૯)**

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| **Name** | : | Jimit Jagdishchandra Parekh |
| **Date of Birth** | : | 18-2-1993 **Birth time**:7.45 pm, |
| **Birth Place** | : | Nalasopara |
| **Height/Weight** | : | 5.5, 70 kg |
| **Education** | : | B.Com & Graphic Designing (Mumbai) |
| **Religion** | : | Jain Shwetambar Deravasi |
| **Caste** | : | Sorath Visa Shrimali |
| **Occupation** | : | Graphic Designer & Printing work (Self Employed) |
| **Hobbies** | : | Listening Music, Watching Movies, Reading, Travelling |
| **Family Details** | | |
| **Father** | : | Late Jagdishchandra N. Parekh |
| **Mother** | : | Sonalben Jagdishchandra Parekh |
| **Siblings** | : | Sapna Viral Bhayani (Chhabildas D. Bhayani - Fort, Mumbai) |
| **Res. Address** | : | S-1, Gurukul Society, Kulvaibhav Nagar, Achole Road, Nalasopara (E) 401209 |
| **Native Place** | : | Sardargadh (Dist. Junagadh) |
| **Uncle** | : | Ramniklal Nyalchand Parekh (Tel. 022 25677602)<br>Late Pranlal N. Parekh,<br>Arvindbhai N. Parekh,<br>Dhirajlal N. Parekh,<br>Chandrakant N. Parekh<br>Rasiklal L. Sanghvi (Fua) |
| **Mosal** | : | Late Chunilal Kapurchand Mehta |
| **Uncle (Mama)** | : | Jayeshbhai C. Mehta & Sureshbhai C. Mehta |
| **Contact Details** | : | Sarojben Rasiklal Sanghvi-Faiba M. (9833906903)<br>Sapna Viral Bhayani (Sister) M.(9820195674)<br>Viral C. Bhayani (Brother-in-law) M (9987799258) |
| **Email** | : | pjimit18@gmail.com |

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| **Name** | : | Dharmesh Sharad Mehta |
| **Date of Birth** | : | 21-10-1993 |
| **Birth time** | : | 02.24 pm |
| **Birth Place** | : | Bhayandar |
| **Height/Weight** | : | 5.10, 70 kg |
| **Qualification** | : | B.E.(Information Technology) |
| **Religion** | : | Deravasi Jain (Murtipujak) |
| **Caste** | : | Sorath Visha Shrimali |
| **Occupation** | : | Senior Software Engineer |
| **Company** | : | HCL Technologies (Mumbai) |
| **Diet** | : | Jain |
| **Father's Name** | : | Sharad Shantilal Mehta |
| **Business** | : | Business in Hardware Tools<br>Neha Trade Center (Mumbai)<br>125/127, Narayan Dhuru Street |
| **Mother's Name** | : | Meena Sharad Mehta |
| **Siblings** | : | 2 Sister<br>Neha Mehta (unmarried)<br>Nikhita Mehta (Jain Monk) |
| **Address** | : | 203, Veetrag Tower,<br>Nr. Bavan Jinalay Jain Temple,<br>Bhayandar (West), Mumbai |
| **Native Place** | : | Jamkandorna |
| **Contact No.** | : | 9322261801/9757408398 |
| **Mosal** | : | Rashik C. Mehta - Morbi<br>Currently - Tatanagar |

# તૃતીય પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૨૯-૫-૧૯૨૭



અરિહંતશરણ :
તા. ૨૯-૩-૨૦૧૮

## સ્વ. શ્રી નરોત્તમભાઈ મંગળજી દોશી

સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.
હતા નજર સમક્ષ, પાંપણ પલકારે મોક્ષ પામી ગયા,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.

**લિ. : શ્રીમતી પુષ્પાબેન નરોત્તમભાઈ દોશી પરિવાર**

પુત્ર : પરેશ
પુત્રવધૂ : દીના
પૌત્ર : ઉમંગ
પૌત્રી : પ્રાચી
દીકરી-જમાઈ : નીતા કિશોર ગાંધી
નિધી જીતેશ ગાંધી
જૈનમ જીતેશ ગાંધી
દીકરી-જમાઈ : દક્ષા રાજેશ શાહ
રિદ્ધિ - ધૈર્ય

KAYAMI / MARCH

# સ્નેહાળ સ્મરણ



## સ્વ. શ્રીમતી જ્યોત્સાનાબહેન ભોગીલાલ મહેતા

મૂળ વતન : મજેવડી - હાલ : કલકત્તા


જીવનમાં સુવાસ પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી દરીયા જેવું દિલ,
મીઠી વાણી અને સ્નેહની સરવાણી.

માગો તે મળે એવું સ્નેહીય પાત્ર એટલે સર્વ ગુણોના સંગમ. જીવંત હતાં ત્યાં સુધી કુટુંબીજનોની આંખોમાં હતા. હવે અંતરમાં સમાઈને અમારા માટે તીર્થ બની ગયા છે. તેમના દર્શન કરીને અમે કૃતકૃતાર્થતા અનુભવીએ છીએ.

આપનું કુટુંબ પ્રત્યેનું તર્પણ હંમેશા યાદ રહેશે.

**શ્રી પ્રાણલાલ અમરચંદ મહેતા પરીવાર - કલકત્તા**
**ભોગીલાલ મહેતા ફાઉન્ડેશન - કલકત્તા**
**પી. ભોગીલાલ એશોશીયેટ્સ - કલકત્તા**
**મો. ૯૮૩૦૦ ૯૪૪૦**

# ગર્ભસંસ્કરણની પ્રસ્તાવના



આચાર્ય વિજય રાજહંસૂરિશ્વરજી

માનવના યથાયોગ્ય વિકાસ માટે જ્ઞાની ભગવંતોએ સોળ સંસ્કાર બતાવ્યા છે. આ પૃથ્વી ઉપર જીવનું અવતરણ થાય અને પ્રથમ શ્વાસ લે ત્યારથી પ્રારંભ કરીને અંતિમ શ્વાસ સુધીના જીવના ક્રમશઃ વિકાસ અનુસાર સોળ સંસ્કાર શાસ્ત્રકારોએ બતાવ્યા છે. તેમાં પ્રથમ અને સૌથી મહત્ત્વનો સંસ્કાર હોય તો તે છે ગર્ભસંસ્કાર જેની બાકીના પંદર સંસ્કાર ઉપર અસર પડે છે. આ ભારતદેશમાં જે કોઈ મહાપુરૂષો, વીરપુરૂષો, સત્ત્વશાળી પુરૂષો, સંતો, સજ્જનો, સન્નારીઓ કે મહાસતીઓ અને વીરાંગનાઓ જન્મી તે આ ગર્ભસંસ્કારને આભારી છે.

ગર્ભસંસ્કાર એટલે ગર્ભાધાન પહેલા ગર્ભધારણ દરમ્યાન અને જન્મે પછીનું શાસ્ત્ર તે ગર્ભસંસ્કાર. પ્રાચીન ઋષિમુનિઓએ આ વિષયમાં ખૂબ જ ચિંતન કરેલું છે. માતા-પિતાએ તથા પૂરા પરિવારે બાળકના જન્મ પહેલા શું તૈયારી કરવી? શું ધ્યાન રાખવું ? કેવી અને કેટલી કાળજી રાખવી. વિગેરે અનેક વાતો આ ગર્ભસંસ્કારમાં મહત્ત્વની છે. ગર્ભાધાન પહેલાની માતા-પિતા બનનારાની સજ્જતા ગર્ભાધાન દરમ્યાન મન, વચન, કાયાની નિર્મળતા, પવિત્રતા અને ગર્ભાધાન પછી નવ મહિના સુધી કેવા પ્રકારના આહાર-વિહાર, આચાર-વિચાર રાખવા, વસ્ત્રો-આભૂષણો વિ. કેવા પ્રકારના પહેરવા. કેવા ન પહેરવા વિ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતો આમાં આપવામાં આવે છે. આ દરેક વસ્તુની બાળક ઉપર કેવી કેવી અસર થાય વિ. જાણવા-સમજવા આ ગર્ભસંસ્કારના સંપૂર્ણ લેખો તમારે વાંચવા જ રહ્યા.

# ગર્ભસંસ્કાર એટલે શું ?

શું તે કોઈ પૂજાવિધિ છે ? કોઈ ધાર્મિક ક્રિયાકાંડ છે ? ના, ગર્ભસંસ્કાર એ તો ઉત્તમ સમાજનિર્માણની, ઉત્તમ મનુષ્યોના સર્જનની ચાવી છે. આજે એક બે બાળકમાં દંપતીઓ સંતોષ માને છે ત્યારે તો આ ગર્ભસંસ્કરણની વિધિ સમજવી અત્યંત આવશ્યક થઈ જાય છે. ઉત્તમ અને ઇચ્છિતગુણોથી ભરપૂર બાળકો માટે ગર્ભ ગર્ભસંસ્કરણ જ એકમેવ ઉપાય છે.

આ સંસ્કાર એ વ્યક્તિને ઘોડિયાથી સ્મશાન સ્સુધી જ નહિ, પરંતુ ગર્ભથી મોક્ષ સુધી જવાનો રાજમાર્ગ છે.

આપણા પૂર્વજોએ ઉપકારક જ્ઞાન વિજ્ઞાનનો વારસો આપણને આપેલો છે. જેમાંની કેટલીક બાબતો આજના યુગમાં આપણે ખાસ સમજવા જેવી અને અજમાવવા જેવી છે.

**।।સંસ્કારો હિ ગુણાન્તરાધાનમ્।।**

કોઈ પણ વસ્તુને સમ્યક્ કરવી એટલી કે સમ કરવી તેને સંસ્કાર કહેવાય છે. ગુણોમાં પરિવર્તન લાવવું તેને સંસ્કાર કહેવાય છે.

ઉદા. દૂધમાં મેળવણ નાખવામાં આવે છે તેનું દહીંમાં રૂપાંતર થાય છે. તે મેળવણને સંસ્કાર કહેવામાં આવે છે, જેનાથી દૂધનું દહીંમાં પરિવર્તન થયું. એવી જ રીતે મનુષ્યોમાં પણ વિવિધ ક્રિયાઓ દ્વારા તેમના મન અને આત્માના ગુણોમાં પરિવર્તન લાવવામાં આવે છે અને આ સંસ્કાર મનુષ્યના જન્મ પહેલાથી જ કરવામાં આવે છે. સંસ્કાર એટલે દોષ દૂર કરી ગુણ વિકસાવવાની પ્રક્રિયા. જેમ શાક - દાળમાં વઘાર કરવામાં આવે છે. તેને પણ સંસ્કાર જ કહેવાય છે. ઉદા. તુવેરની દાળ હોય તે વાયુ અને પિત્તને વધારનારી હોય છે તેમાં હીંગ - જીરાનો વઘાર કરીને તેનો આ દોષ ઓછો કરીને નવા ગુણ આપવામાં આવે છે. આમ સંસ્કાર જુના દોષોનો નાશ કરે છે અને નવા ગુણોની વૃદ્ધિ કરે છે.

માનવજીવનમાં ગર્ભાધાનથી માંડી મરણ સુધીની વિવિધ અવસ્થાઓમાં જે ધાર્મિક વિધિઓ સંસ્કારના નામથી થાય છે તેમનો ઉદ્દેશ માનવજીવનને સુસંસ્કૃત બનાવી તેને આધ્યાત્મિક જાગૃતિ તરફ લઈ જવાનો છે.

ભારતીય મહર્ષિઓએ કેટલાક એવા સૂક્ષ્મ ઉપચારોની શોધ કરી છે કે જેમનો પ્રભાવ શરીર તથા મન પર જ નહિ, પરંતુ સૂક્ષ્મ અંતઃકરણ પર પણ પડે છે અને એમના પ્રભાવથી મનુષ્યોને ગુણ, કર્મ અથવા સ્વભાવની દૃષ્ટિએ ઉચ્ચસ્તર સુધી પહોંચવામાં મદદ કરે છે.

આ સંસ્કાર દ્વારા આગળ જન્મેલા બાળક કરતાં આ બાળકમાં ઈચ્છિત તફાવત પણ લાવી શકાય છે. આગળના બાળકો કાળા હોય તો જન્મનારું બાળક ગોરું જન્મે, અલ્પબુદ્ધિવાળો હોય તો સ્મૃતિવાન જન્મ, અલ્પ ગુણી હોય તો વિશેષ ગુણવાન જન્મે. આમ પૂર્વના ગુણ છોડી તેનાથી વિપરીત ગુણમાં પરિવર્તન થઈ શકે તેવી શક્તિ સંસ્કારમાં રહેલી છે.

આ સંસ્કારમાં શરીર વિજ્ઞાન, મનોવિજ્ઞાન, જાતીય વિજ્ઞાન, પરમાણુ વિજ્ઞાન, પ્રભાવ વિજ્ઞાન અને આહાર વિજ્ઞાનનો ઉપયોગ કર્યો છે.

# ગર્ભાધાન પહેલા પૂર્વ તૈયારી શા માટે ?

પ્રકૃતિએ સ્ત્રીને આપેલ સર્વશ્રેષ્ઠ વરદાન એટલે 'માતૃત્વ'. લગ્નબાદ લગભગ દરેક પત્નીની માતૃત્વ ધારણ કરવાની અંતરમનની ઈચ્છા હોય છે. આજે મોટાભાગની યુવતીઓનો લગ્ન પહેલાનો સમય શિક્ષણ મેળવવામાં અને કારકીર્દી ઘડવામાં જાય છે. ત્યારબાદ લગ્ન થતા ઘર અને વ્યવસાય એ બંને જવાબદારીઓ નિભાવવાની આવે છે. એટલે વ્યસ્તતાને કારણે માતૃત્વની જવાબદારી સ્વીકારતા પહેલા પણ અમુક પૂર્વ તૈયારીઓ જરૂરી છે એ વાત એની જાણબહાર જ રહી જાય છે.

આપણા બગીચામાં કોઈ છોડ ઉગાડવો હોય તો નર્સરીમાંથી શ્રેષ્ઠ બીજ પસંદ કરીએ છીએ. તેનું કાળજીપૂર્વક વાવેતર કરીએ છીએ. ખાતર અને પાણીનું યોગ્ય સમયે અને યોગ્ય પ્રમાણમાં સિંચન કરીએ છીએ. એટલું જ નહીં પણ નકામા ઘાસ અને



કાંટા કાંકરાને તેની આજુબાજુથી સાફ કરીએ છીએ. અને ત્યારેજ એક ઉત્તમ છોડ વિકાસ પામે છે. બસ આ જ નિયમ ગર્ભધારણાને પણ લાગુ પડે છે. શ્રેષ્ઠ સંતાન મેળવવા માટે શ્રેષ્ઠ બીજ, શ્રેષ્ઠ ક્ષેત્ર, શ્રેષ્ઠ ઋતુ અને શ્રેષ્ઠ આહાર વિહાર અતિ આવશ્યક છે.

આયુર્વેદ શાસ્ત્ર પ્રમાણે માણસની પ્રકૃતિ તેના જન્મથી જ નક્કી થઈ જાય છે. એની પ્રકૃતિ ઉપરજ માણસનું દૈનિક આચરણ, બુદ્ધિ, વિચાર, સ્વાસ્થ્ય વગેરે અવલંબિત છે. એટલે કે માણસનું શારીરિક અને માનસિક આરોગ્ય તેની પ્રકૃતિ પર આધાર રાખે છે. સ્ત્રી-પુરુષ બીજના મિલન વખતે જે દોષ વધારે હોય તે જ ગર્ભની પ્રકૃતિ બને છે. આ જ પ્રકૃતિ વ્યક્તિને જીવનભર સાથ આપે છે. આમ પ્રકૃતિ એ ગર્ભસ્થાપના વખતે નક્કી થતી હોવાના કારણે ગર્ભસ્થાપન યોગ્ય બીજ, ક્ષેત્ર અને સમયે થવાથી બાળક ઉત્તમ ગુણયુક્ત બની શકે.

ગર્ભધારણા વખતે સ્ત્રી અને પુરૂષના મનોભાવ, તેમની શારીરિક અને માનસિક અવસ્થા ગર્ભાધાન દ્વારા બાળકમાં ઉતરે છે. તેથી પણ આગળ વધીને કહીએ તો સ્ત્રીના અંડાશયમાં જ્યારે બીજ ઉત્પન્ન થાય છે ત્યારે તેના મનોભાવ, વિચારો જે પ્રકારના હોય તે પ્રકારના ગુણ-અવગુણ બાળકમાં વિકસે છે. તે રીતે પુરૂષોમાં શુક્રાણુઓ ઉત્પન્ન થાય ત્યારે તેના મન, બુદ્ધિ, વિચારો અને દેહના લક્ષણો સંતાનમાં ઉતરતા હોય છે.

જીનેટિક સાયન્સ મુજબ વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વની બ્લ્યુપ્રિન્ટ સમા જીન્સ તે પોતાના સંતાનોને આપે છે. અને તેના કારણે સંતાનમાં ઘણીખરી જન્મજાત આવડત કે જન્મજાત ઊણપ આવતી હોય છે. આ જીન્સ માનવીના દેહના બંધારણથી માંડી તેના મનોવલણ અને બુદ્ધિક્ષમતા સુધી તમામ બાબતોનો નકશો ધરાવતા હોય છે. જો કે એવું નથી કે વ્યક્તિ પોતાના આ જન્મજાત ગુણ-અવગુણને બદલી શકે નહીં. યોગ્ય શારીરિક અને માનસિક ઉપચારો દ્વારા  તે શક્ય છે. એટલે કે જો સભાનપણે પ્રયત્ન કરવામાં આવે તો બાળકમાં ઈચ્છિત સદ્‌ગુણો વિકસાવી પણ શકાય છે અને અનિચ્છિત દોષો ટાળી પણ શકાય છે. આમ તમારા સંતાનને તમે માત્ર ધનદોલત જ નહીં પણ ઉત્તમ ગુણો સાથે જન્મ આપી શકો છો.

આ માટે સર્વપ્રથમ તો માતા-પિતાએ તેઓ જે પ્રકારનું સંતાન ઈચ્છે છે તેવા પ્રકારની જીવનસરણી તેમણે ખુદ અપનાવવી જોઈએ. અને તે પણ એક વર્ષ પહેલાથી, નહીં કે બાળકના જન્મ પછી!!!

સામાન્યતઃ મોટાભાગની ગર્ભધારણા આયોજન વગરની જ હોય છે. આયોજન તો ઠીક પણ ઈચ્છા વગરની હોય છે. ઈચ્છા કે આયોજન વગરની ગર્ભધારણા કેવું ફળ આપે ? ઈચ્છા કે આયોજન વિનાની પરીક્ષાનું પરિણામ શૂન્ય આવે. ઈચ્છા કે આયોજન વિના કરેલ વ્યાપારનું પરિણામ શૂન્ય આવે. તેમજ ઈચ્છા કે આયોજન વિનાની ગર્ભધારણાનું પરિણામ શૂન્ય તો આવે પણ ઘણીવાર વિપરીત પણ આવે.

આમ જો માતા-પિતા ઈચ્છતા હોય કે તેમના બીજમાંથી પાંગરતું શિશું પૂર્ણ વિકસિત - પૂર્ણ પ્રકાશિત હોય તો તેમણે પોતે શારીરિક અને માનસિક રીતે પૂર્ણ પ્રકાશિત, પૂર્ણ વિકસિત, સક્ષમ અને સુદૃઢ બનવું પડશે અને એના માટે પ્રબળ ઈચ્છાશક્તિ અને સમજણપૂર્વકનું આયોજન અનિવાર્ય છે.

ગર્ભસંસ્કરણની વધુ માહિતી હવે પછી ના અંકમા ક્રમશઃ આવતી રહેશે.

# શબ્દ શોધ

વાચકમિત્રો, અહીં આપેલા ચોકઠામાં ૧૦ દેવીનાં નામ આડાંઅવળાં છુપાયાં છે. આ નામ આડાં, ઊભાં, ત્રાસા પણ સીધી લાઈનમાં અથવા ઊંધી લાઈનમાં છે. ઉપાડો પેન અને શોધી કાઢો. તમારે એ શોધીને રેખાંકિત કરવાના છે.

– ગોપાલ પારેખ

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શા | લિ | ભ | દ્ર | કા | મિ | ળી | લી | લી | વ | તી | પા | શે | રા | માં | પૂ |
| ઝાં | પો | બ્રા | હ્મ | ણી | શં | ક | રા | ચા | ર્ય | પા | ઉ | ર્મિ | આ | વ | જો |
| મ | હા | લ | ખ | તો | મી | ગા | ઈ | ડ | સૌ | પ્રા | ર્વ | લા | ટ | સા | બ |
| પ્રિ | ય | દ | ક્ષ્મી | કા | થો | ય | યા | યા | વ | રૌ | દ્રં | તી | લાં | જિ | લિ |
| ર્શિ | ની | લા | અં | બિ | ડું | ત્રી | આં | ગ | ણિ | ચે | આ | વ | શે | મા | તા |
| દુ | ર્ગે | શ્વ | ર | સિ | ક | બ | લ | મા | યા | ત્રા | ધા | મ | શં | ક | ર |
| ર્ગા | વિ | ષ્ણુ | પુ | રા | ણ | દુ | ર્વા | સા | હે | બ | જી | વ | અં | બા | ખો |
| દ | શ | ર | થ | દા | મિ | ની | મ | હિ | સા | સુ | લો | ચ | ની | રાં | ત |
| ઐ | ચા | મું | ડા | બ | ઘ | ર | સ | હે | લું | ર | મ | તિ | યા | ળ | શ્રી |
| મા | તં | દુ | ર | સ્તી | કે | મ | ર | ગો | પા | ળ | ના | ય | ક | ન | થી |
| કા | કા | ગી | ર | નું | જ | ગ | સ્વ | રા | જ્ય | લ | ક્ષ્મી | ત્રિ | ને | વ | લ |
| ત્યા | ળ | વ | ન | રા | જ | શું | તી | લો | ત્ત | જી | રા | નો | સા | ત્રા | પિ |
| ની | કા | ન | પુ | ર | લ | ખ | ન | ઉ | મા | લે | તુ | જા | ર | સિ | કી |
| યા | ન | હૈ | યા | વ | રા | ળ | પ | ર | મે | શ્વ | ર | સૌ | ભા | ગ્ય | વ |
| મ | જી | રા | મં | દિ | ર | ની | મૂ | ર્તિ | ઓ | નું | સ્થા | પ | ન | ક્યાં | તી |
| ક | દ્રી | ગ | ર | વા | મ | હા | લ | ક્ષ્મી | અ | જ | વા | ળું | દે | વ | કા |

# પુષ્પગુચ્છ

- સંસારના કોઈ પદાર્થમાં સુખ નથી, સુખાભાસ છે. સાત્ત્વિક સુખ અંતરમાં છે. તેનું જોડાણ કરવું. આ મનુષ્યભવ દુર્લભ છે, એ કદી ભૂલવું નહિ.
- મનુષ્યથી ભૂલ થાય, દોષ થાય તે સ્વાભાવિક છે, પણ તેનો સ્વીકાર ન કરવો અને સ્વબચાવના પ્રયાસ કરવા, એથી તો સ્વયંનું જ અહિત થાય છે.
- દરરોજ અમુક પૈસા કે અમુક વજનનું અન્ન પરહિત કાજે અલગ તારવી રાખવું, આવો ભાવ સેવવો સારી વાત છે. આ રીતે મહિના બાદ અનુકૂળતા પ્રમાણે તેનું વિતરણ કરતાં રહેવાનું બહુ અઘરું નથી.
- સંસારમાં છીએ, એટલે અન્ય સાથેના સંબંધોમાં કોઈ કડવાં વેણ કહી જાય તો તેનું અર્થઘટન સવળું (સકારાત્મક) પણ કરી શકાય. કદાચ એવું બન્યું હોય કે એ વ્યક્તિ કંઈક દુઃખમાં હશે, તેથી કડવાશથી બોલાઈ ગયું હશે. મારે શા માટે ખોટું લગાડવું જોઈએ? ઊલટાનું મારે એને મદદરૂપ થવું જોઈએ.
- અન્યોન્ય સંબંધોમાં એક વિશેષતયા યાદ રાખવાની છે કે, સામેવાળાના સદ્ગુણો કયાકયા છે એની ખોજ કરવી. એવુંય બને કે એ ગુણો આપણામાં પ્રવેશી આપણને સમૃદ્ધ બનાવે.
- તમને દોષ જોવાનું મન થાય છે? ઠીક છે, સ્વયં તરફ દૃષ્ટિ કરો. કેટલાય દોષ, કષાય, મિથ્યાત્વ, સ્વાર્થ મળી રહેશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી સૂર્યકાન્ત મનસુખલાલ લાલચંદ વોરા**

જન્મઃ તા. ૧૩-૮-૧૯૪૩ ❋ સ્વર્ગવાસ : તા. ૫-૩-૨૦૧૭ ( ધોરાજી, હાલ - બોરીવલી)

શૂન્યમાંથી સર્જન કરી,
સેવા સમર્પણ, નીડરતાની સાક્ષાત મૂર્તિ,
અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,
કુટુંબ, સગાં તથા સ્નેહીને સદાય ઉપયોગી રહી,
વિશાળ વડલાની જેમ પોતાની છાયામાં
આવતા સર્વેને વિસામો આપતા
કર્મયોગી વડીલ...
પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને
શાંતિ પ્રદાન કરે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના...
શ્રદ્ધાંજલિ સહ...

પિતાશ્રીઃ **સ્વ. શ્રી મનસુખલાલ લાલચંદ વોરા** માતાઃ **સ્વ. શ્રીમતી જયાકુંવર મનસુખલાલ વોરા**

પત્નીઃ **પ્રવીણાબેન** પુત્રઃ **ચિંતન** પુત્રી : **ચૈતાલી**

ભાઈ : **હસમુખ**, ભાઈના પત્નીઃ **મધુબેન** ભત્રીજાઃ **જય, મિતેશ** ભત્રીજાવહુઃ **રીના**

બહેનો : **સ્વ. અનસૂયાબેન, સ્વ. ભાનુબેન, કુસુમબેન, પ્રતિભાબેન, જ્યોત્સનાબેન, હીતાબેન**

સસરાઃ **સ્વ. શ્રી નગીનદાસ નેણશી મહેતા** સાસુઃ **સ્વ. શ્રીમતી કંચનબેન નગીનદાસ મહેતા**

**તેમ જ**

**સમસ્ત વોરા પરિવાર તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

KAYAMI / MARCH

# જિંદગી ઐસે જિયો કી મિસાલ બન જાયે

જે ક્ષણને ઉજાળે તે શિક્ષણ, હૃદય અને મનને કેળવે તે કેળવણી... સાચી કેળવણી માત્ર રોટલો રળતા નથી શીખવતી, તેના દરેક કોળિયાને મીઠો કેમ કરવો તે શીખવે છે. અનુભવથી ચડિયાતો શિક્ષક બીજો કોઈ નથી. ધૂડી નિશાળથી શરૂ થયેલી શિક્ષણની યાત્રા હવે લેપટોપ અને ડિજિટલ દુનિયા સુધી વિસ્તરી છે. પાટી પર કક્કો ઘૂંટવાથી શરૂ કરીને આજે હવે ઓનલાઈન એજ્યુકેશન સુધીની લાં....બી... સફરમાં આંગળીઓ અને અંગુઠાનો આધાર કાયમ રહ્યો છે. ક્યારેક નવું શીખતાં પહેલાં જૂનું ભૂલવું પડે. જર્મન સંગીતકાર વેજનર પાસે દુનિયાભરના સંગીતકારો સંગીત શીખવા આવતા. એમણે દરવાજા પર એક તકતી લગાડી હતીઃ જે બિલકુલ સંગીત જાણતો નથી, તેની ફી મામૂલી છે, જે સંગીત જાણે છે તેની ફી બમણી છે, અને સંગીતનો પ્રકાંડ પંડિત છે તેને તો અહીં પ્રવેશ જ નહીં મળે. કોઈએ વેજનરને પૂછ્યુંઃ તમે પાગલ છો કે શું? જે મહાપંડિત છે એને તમે શીખવવાની ના કેમ પાડો છો? વેજનરે જવાબ આપ્યો કે પંડિતોના પહેલાં પાંડિત્યનું પોટલું ઉતારી દેવું પડે, પછી કંઈ નવું શીખી શકે. હું કંઈક જાણું છું એવા ભ્રમમાં હોય તે ક્યારેય નવું શીખી શકતો નથી. હા, જે કંઈ પણ શીખેલાં નથી. તેમને હું તરત શીખવી શકું છું. સોક્રેટિસનું જગવિખ્યાત વિધાન યાદ આવે છેઃ ‘‘મારામાં ઘણું અજ્ઞાન છે, એનું મને જ્ઞાન છે’’ કાકાસાહેબ કાલેલકરે કેળવણીની કેફિયત રજૂ કરી, એ કહે છેઃ

‘‘હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી (સેવિકા) નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી... હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઈન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર મારા બે પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઈતિહાસ મારા કાન છે. સ્વતંત્રતા મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદંબા છું, જગત ધાત્રી છું. મારી ઉપાસના કરનાર કોઈનો ઓશિયાળો નહીં રહે, એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઈ શકે એમ છે...’’

શરીરને રોગ અને દુર્બળતાથી મુક્ત કરે, બુદ્ધિને જ્ઞાનને ખોટા વિચારોથી મુક્ત કરે, કર્મેન્દ્રિયોને જડતાથી મુક્ત કરે, મનુષ્યની રસવૃત્તિને વિલાસમાંથી મુક્ત કરે, શક્તિને મદમાંથી મુક્ત કરે, આત્માને અહંકારના પંજામાંથી મુક્ત કરે તે જ વિદ્યા, તે જ કેળવણી. માણસનું ઘડતર અને ચણતર જેટલું વધે એટલું મૂલ્ય વધે. મહાત્મા ટોલ્સટોય કહેતા કે લોખંડોનો ટુકડો બજારમાં વેચો તો પાંચ-દસ રૂપિયા મળે, ઘોડાની નાળ બનાવો તો પચાસ-પોણોસો રૂપિયા કમાઈ લો, પણ ઘડિયાળની ઝીણીઝીણી કમાનો બનાવીને વેચો તો હજારો રૂપિયા પ્રાપ્ત થાય. લોખંડ એ જ છે, પણ તેનું રૂપાંતર - ઘડતર મૂલ્ય નક્કી કરે છે.

Teaching is Reaching.... શિક્ષકે વિદ્યાર્થીના હૃદય-મન-બુદ્ધિ સુધી પહોંચવાનું છે. એમ પણ કહેવાય છેઃ Teaching is Learning Twice... શીખવતાં પહેલાં શીખવું પડે, આત્મસાત્ કરવું પડે, જ્ઞાનને વાગોળવું પડે. પુસ્તકો જ્ઞાનના ભંડાર છે. પૂ. મોરારીબાપુ કહે છે તેમ જે પુસ્તક આપે છે તે સમાજને પોતાનું મસ્તક આપે છે. ગ્રંથનું કામ છે તમને તમારી ગ્રંથિઓથી, ગાંઠથી મુક્ત કરવાનું.... ઉપગ્રહો છોડી શકતી માનવજાત પૂર્વગ્રહો છોડી શકતી નથી, એ કેવી કરુણતા!!

સેમ્યુઅલ બેકેટે બે પ્રકારના અભણપણાની વાત કરી છે... એક અભણપણું આપણે કશું શીખવાનું શરૂ કર્યું તે પહેલાંની આપણી સ્થિતિ છે, પણ બીજું અભણપણું તો આપણે ભણી રહીએ પછી શરૂ થાય છે. ભણતરનો વિનિયોગ જીવતરમાં કરી શકીએ છીએ ખરાં? શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે શિક્ષણ રક્ષણ, પોષણ અને પ્રકાશ તથા પ્રસન્નતા આપતું હોવું જોઈએ.

આ લખનારે સાડા ત્રણ દસકા સુધી કોલેજમાં અને યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપક તરીકે કામ કર્યું છે; ત્યારે તેજસ્વી વિદ્યાર્થીના લક્ષણો તારવ્યાં છેઃ

**Excellence is his Habit**

**Inspiration is his State of Mind.**

**Victory is the Consequence and Happiness is his Constant Companion. His/Her Motto in life has always been Stronger, Higher and Further to set the Benchmark.**

વિદ્યાર્થીઓએ સમજવાની વાતો આ છેઃ

**Success is Never Final**

**Failure is not Fatal,**

**What Counts is the Courage to Continue.**

સફળતા એ આરંભ હોઈ શકે, નિષ્ફળતાએ કાયમી કે આત્મઘાતક ક્યારેય ન હોઈ શકે, સતત મથવાની, ઝૂઝવાની અને નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચવાની ખેવના અને ખમીર એ વિદ્યાર્થીમાં અચૂક - અનિવાર્યપણે હોવાં જોઈએ. રૂપિયા કરતાં વસ્તુની કિંમત વધારે છે, વસ્તુ કરતાં વ્યક્તિની કિંમત વધુ છે વ્યક્તિ કરતાં વિચારનું મહત્ત્વ વધારે છે. વિચાર અને વિવેક શિક્ષણના પાયામાં છે.

વિદ્યાર્થીએ હંમેશાં યાદ રાખવું જોઈએ કે ઘણીવાર પરાજય વિજય કરતાં વધુ ગૌરવવંતો હોય છે!

**Life is Beautiful Because it is Painful.**

**Lost Returns to us, When we are Lost.**

કેળવણી પાંખ આપે છે ને ત્રીજી આંખ પણ આપે છે. પરાજય અને પ્રતિકૂળતાઓની વિવેકપૂર્વક સ્વીકૃતિ કરતાં શીખવે છે, પ્રતિભાશાળી વિચારક અને પ્રખર વકતા જય વસાવડા કહે છેઃ

વિચારનું વાવેતર કરે તે કેળવણી - વિચારને આચારમાં પલટાવે તે આચાર્ય... લક્ષ્મી ચંચળ છે, ક્યારે પોબારા ગણી જાય એ કહેવાય નહીં, પણ ભગવતી સરસ્વતી - વિદ્યાની દેવી ઠરેલ છે, ઠાવકી છે. સરસ્વતીને નોટબંધી લાગુ નથી પડતી. બુદ્ધિશક્તિ Cashless ન થાય. કોલસામાંથી હીરો થાય, તેનું કટિંગ, પોલિશિંગ થાય પછી જ તેની સાચી કિંમત અંકાય. રફ હીરાનું ઝાઝું મૂલ્ય નથી. હીરાની પડીકી હોય તો મમરાની ગુણી હોય! સમાજમાં હીરા થોડા જ હોય, મમરા થોકબંધ - જથ્થાબંધ હોય!! ક્વોન્ટીટી નહીં, ક્વોલિટી મહત્ત્વની છે. પાયાનો પથ્થર દટાયેલો હોય, મંદિરનો સુવર્ણકળશ બધા જોઈ શકે. સાધના પાયામાં હોય તો સિદ્ધિનો કળશ ઝગારા મારતો જોઈ શકાય. અર્જુનની માફક ગાંડીવ ધનુષ્ય ચડાવો પછી, કૃષ્ણ તમારા સારથિ બનવા હાજર જ હોય છે. ધનુષ્ય તમારે જ ચલાવવાનું હોય છે, મદદ ઈશ્વર કરે છે. જેને ખુદનો ભરોસો ન હોય, તેને ખુદાનો ભરોસો નકામો...! મમ્મી-પપ્પાના બે પાટા પર બાળકના જીવનની ગાડી બરાબર આગળ વધે છે. સંતાનોને ઊગવા માટે મૂળિયાં નાખી આપે અને ઊડવા માટે પાંખો આપે, માતા ખોળો આપે અને પિતા ખભો આપીને પ્રગતિના પંથે કારકિર્દીને આગળ ધપાવે તો શિક્ષણની સાર્થકતા સમજાય અને છેલ્લે, કવિતાની કેડીએ કારકિર્દીની કામિયાબીને સલામ કરીએઃ

સહુ વિદ્યાર્થી મિત્રોને આ સોનેરી શીખામણઃ

**કદમ ઐસા ચલો કી નિશાન બન જાયે**
**કામ ઐસા કરો કી પહેચાન બન જાયે**
**યહાં જિંદગી તો સબ કાટ લેતે હૈ....**
**તુમ જિંદગી ઐસે જિયો કી મિસાલ બન જાયે..**

સફળતાનો શોર્ટકટ નથી હોતો, અને સફળતાને ક્યારેય આખરી મુકામ સમજવાની ભૂલ કરતા નહીં, શાયર કહે છેઃ

**અભી તો આપકી અસલી ઉડાન બાકી હૈ**
**અભી તો આપકા અસલી ઈમ્તિહાન બાકી હૈ**
**અભી તો આપને સિર્ફ જમીન નાપી હૈ,**
**અભી તો પૂરા આસમાન બાકી હૈ...!**

Best of Luck to all youngsters....

# Never Give Up Because If You Do What is Easy, Your Life Will Be Hard

**By Tony Fahkry**

Do you want to live an easy life or a difficult one? I know, It's a worthless question because who wants to live a life filled with pain and suffering? Yet, this is what many people choose every day, whether they are conscious of it or not. I don't intend to disparage them, however in coaching hundreds of people over the years, many of them unknowingly choose a difficult life because they make easy choices instead of important ones. Considering this, think about the choices you're making right now and their respective actions. Are they moving you towards growth and freedom or pain and suffering? Easy choices means staying within our comfort zone without exploring our limitations where real growth occurs. Sure, it's difficult to venture outside our comfort zone because of the psychological and emotional strain. However, if we do what is easy, life will be difficult because our comfort zone does not equate to personal growth to achieve our bigger goals. How does this appeal to you? Is this something you're willing to explore personally and professionally? I assure you, challenges allow us to delve into the greater depths of our resiliency instead of staying safe.

It's why we mustn't give up on our goals or highest ambitions when life gets tough, as it no doubt will. We mustn't give up because **we don't know how far we will go when we rise above our challenges and obstacles.** It is said we achieve our goals by growing into them, therefore growth is proportionate to our self-improvement. Growth takes place in adverse conditions because most people will thrive when conditions are favourable, yet struggle through difficulties. However, life's conditions are never ideal and so we must show up with total conviction that we will prevail, even if we don'g know how. Most times we will have little knowledge how to proceed because of limited information and the uncertainty of our actions. This mustn't hold us back because giving up is not the easy way out since we must live with regret and disappointment. In view of this, I'd like you to reflect on a current goal or endeavour you want to give up on. Is this your only choice or have you considered other options? I don't have the answers because I don't know you to offer the advice you need. Similarly, I can't look into a crystal ball and predict the future because neither of us are equipped with psychic powers. But what I can tell you is more often than not, giving up is rarely the answer because if we take the easy way out, we are assured of difficult times ahead. We are likely to miss out on the

personal growth that takes place when we expose ourselves to situations beyond our comfort zone.

**We must Get Comfortable Being Uncomfortable**

Is this making sense to you? Have you experienced times where you stepped out of your comfort zone, whether it be learning a new skill, habit or otherwise? If so, what did you learn from the experience and has it served you? It's no surprise that life isn't smooth sailing and if we want to achieve anything of value, we must do things that scare us every once in a while and integrate it into our reality. We must **get comfortable being uncomfortable** and those who give up too soon find it difficult being uncomfortable, i.e. out of their comfort zone. Sometimes giving up may be necessary, yet in most parts we can learn to channel the skills we gain from our endeavours and use them to pivot in a new direction or develop a greater awareness of our goals. So considering this, I' like you to write down five advantages and disadvantages of giving up on a project, a dream, a relationship or career? Look at your answers and connect with the underlying motivation behind them. Reflect on why you undertook this goal in the first place and connect with what you hope to gain by giving up. It is only once we are aware of our motives that we can overcome any regret or disappointment. Otherwise, life is likely to be hard because we pursued what is easy instead of what is essential to our growth. And as you know, real growth correlates to bigger and better achievements.

## Did You Know?

1) **Trees to tackle pollution**

One of the most important measures to counter pollution is planting trees. With neem and peepal being the largest emitters of oxygen, planting them in the gardens purifies the surrounding air and helps in maintaining hygienic conditions. While champa, mogra and chameli have better chances of surviving pollution in summer, bulbous varieties do better in winter.

1) **Have you seen the Andromeda galaxy?**

Look keenly and you might just see it. It is the farthest object in the sky that we can see with the naked eye. Andromeda is dimly visible from parts of the northern hemisphere during autumn and winter. This galaxy is two and a quarter million light years away from earth.

3) **The most common non-contagious disease**

Tooth decay is the most common non-contagious disease in the world.

4) **Who invented the soda water?**

Carbonated soda water was invented in 1767 by Joseph Priestley, who discovered the presence of oxygen.

# કહેવાતા સિદ્ધાંતો અને શાસ્ત્રો

માણસ પોતાની શક્તિ અને ગજા પ્રમાણે દીવાલો ઊભી કરી રહ્યો છે. માટીની દીવાલો એટલી ખતરનાક નથી, તે સહેલાઈથી પડી શકે છે, પરંતુ સિદ્ધાંતોની, શાસ્ત્રોની, માન-અભિમાન, અહંકાર અને પૂર્વગ્રહની દીવાલો જલદીથી તૂટતી નથી. આ દીવાલો હેઠળ જીવન સીમિત થઈ રહ્યું છે.

એક વિજેતા રાજાએ પોતાની સુરક્ષા માટે સુંદર વિશાળ મહેલ બનાવ્યો હતો. આ મહેલમાં તેણે માત્ર એક દરવાજો રાખ્યો હતો. બારી-બારણાઓ પણ નહીં જેથી દુશ્મન અંદર આવી શકે નહીં અને એક મુખ્ય દરવાજો હતો ત્યાં ખુલ્લી તલવારો સાથે સૈનિકોનો પહેરો ગોઠવી દીધો હતો. મહેલની રચના એવી બનાવવામાં આવી હતી કે એક ચકલું પણ અંદર ફરકી શકે નહીં.

મિત્ર રાજાઓને મહેલ જોવા માટે બોલાવવામાં આવ્યા હતા. મહેલ જોઈને બધા ખુશ હતા. એક મિત્ર રાજા ખૂબ પ્રભાવિત થઈ ગયા. તેણે કહ્યું હું આ મહેલ જોઈને બહુ પ્રસન્ન છું. આ મહેલ સંપૂર્ણપણે સુરક્ષિત છે. અંદર ગયા પછી કોઈ જાતનો ખતરો નથી. કોઈ પણ રાજા આવી સુરક્ષાની ઢાલ જેવો મહેલ બનાવી શક્યો નથી.

મિત્રની વાત સાંભળીને મહેલ બનાવનાર રાજાની છાતી ગજગજ ફૂલવા લાગી. નગરમાં આવેલા એક સૂફી સંતને પણ પગલાં માટે બોલાવવામાં આવ્યા હતા.

આ બન્ને મિત્ર રાજાઓની વાત સાંભળીને આ સૂફી સંત હસી પડ્યા. મહેલના માલિક રાજાએ પૂછ્યું, આપ કેમ હસો છો? આપને આ મહેલ કેવો લાગ્યો?

સંતે કહ્યું, એકદમ સાચું કહી દઉં. આ મહેલમાં એક કસર રહી ગઈ છે. આ સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. સૌને આશ્ચર્ય થયું.

રાજાએ કહ્યું: મહારાજ, બોલો શી ભૂલ રહી ગઈ છે.

સંતે કહ્યું: બીજુ બધું તો ઠીક છે, પરંતુ તમે આ એક દરવાજો રહેવા દીધો છે એ ઠીક કર્યું નથી. આ દરવાજા મારફત દુશ્મન અંદર આવી શકે છે. આપ અંદર ચાલ્યા જાવ અને આ દરવાજો પણ ચણાવીને બંધ કરી દો. પછી આપ બિલકુલ સુરક્ષિત બની જશો.

રાજાએ કહ્યું: ગુરુદેવ, આ દરવાજો ચણાવીને હું અંદર ચાલ્યો જાઉં તો આ મહેલ કબર બની જાય.

સંતે કહ્યું: રાજન, આ મહેલ કબર તો બની ગઈ છે માત્ર એક દરવાજો બાકી રહ્યો છે. આટલી ઊણપ રહી છે તે પૂરી કરી નાખો. પછી દુશ્મન તો શું મોત પણ અંદર નહીં આવી શકે.

રાજાએ કહ્યું; આ દરવાજો ચણાવી લઉં તો મોત આવ્યા પહેલાં હું મરી જઈશ. સંતે કહ્યું; રાજન, હવે આપ બરાબર સમજ્યા. મહેલમાં જેટલા દરવાજા હતા તેટલું જીવન હતું, જેટલા દરવાજા ઓછા થઈ ગયા એટલું જીવન ઓછું થઈ ગયું. હવે એક દરવાજો બચ્યો છે એટલું જીવન બચ્યું છે તે પણ બંધ કરી નાખો એટલે સંપૂર્ણ સલામતી.

સંતે કહ્યું; સંન્યાસ ધારણ કર્યા પહેલાં હું પણ રાજવી હતો. મારી પાસે મહેલ હતો અને મેં અનુભવ્યું કે મહેલ એ એક જેલ છે એટલે ધીરે ધીરે હું મહેલના દરવાજા મોટા કરતો રહ્યો અને દીવાલોને દૂર કરતો રહ્યો. પછી મને વિચાર આવ્યો કે ગમે તેટલા દરવાજા મોટા કરીશ કે નાના કરીશ, પરંતુ દીવાલો તો રહી જવાની છે એટલે મેં દીવાલોમાંથી બહાર નીકળી જવાનું પસંદ કર્યું. હવે હું ખુલ્લા આકાશમાં છું અને

સંપૂર્ણ રીતે જીવિત છું. ઓશોએ ટાંકેલી આ કથા સૌને માટે પ્રેરક છે.

જીવનમાં આપણે પણ શું કરી રહ્યા છીએ? દરેક માણસ પોતાની શક્તિ અને ગજા પ્રમાણે દીવાલો બનાવી રહ્યો છે. પથ્થર અને માટીની દીવાલો એટલી ખતરનાક નથી. તે આસાનીથી પડી શકે છે, પરંતુ આપણે જે સિદ્ધાંતોની, શાસ્ત્રોની, માન-અભિમાનની, ઈર્ષા અને અહંકારની, ઘૃણા અને પૂર્વગ્રહની જે દીવાલો ઊભી કરી રહ્યા છીએ તે જલદીથી તૂટતી નથી, કારણ કે આ દીવાલો દેખાતી નથી. આપણે ચારે બાજુ આ પ્રકારની દીવાલો ઊભી કરી દીધી છે એટલે જીવન મુરઝાઈ ગયું છે અને માણસ સત્યના ખુલ્લા આકાશથી દૂર થઈ ગયો છે.

દરેક માણસ પોતાની જાતને સ્વતંત્ર માને છે, પરંતુ આ જગતમાં કોઈ સંપૂર્ણ રીતે સ્વતંત્ર નથી. જીવન એક બીજા પર આધારિત છે. સ્વતંત્રતાની સીમા અને મર્યાદા છે. માણસ મનથી જ્યારે સ્વતંત્ર બને ત્યારે તે મુક્તિનો અહેસાસ અનુભવી શકે છે. જન્મથી મૃત્યુ સુધી માણસ એક યા બીજી રીતે કેદમાં પુરાતો રહ્યો છે. સીમિત થતો રહ્યો છે. જીવન જ્યારે સીમિત અને સંકુચિત બની જાય છે ત્યારે તે કેદ જેવું બની જાય છે.

ઉદાર અભિગમ દ્વારા જ આ બધી દીવાલો તૂટી શકે. માત્ર પોતાના માટે જીવવું અને પોતાના સ્વાર્થ માટે જ કાંઈક કરતા રહેવું એ જીવન નથી. આ પ્રકારનું જીવન જીવતો માણસ છેવટે કોચલામાં પુરાતો જાય છે અને જીવનનો રસ ગુમાવતો જાય છે. બીજાને માટે કાંઈક કરવાનો, બીજાને સુખ આપવાનો આનંદ અનોખો છે. કોઈ પણ જાતના સ્વાર્થ વગર, કોઈ પણ જાતની અપેક્ષા અને બદલાની ભાવના વગર જે લોકો પોતાની ફરજ અને કર્તવ્ય બજાવે છે તેમના જીવનની પળો સોનાકણો જેવી હોય છે. ભલાઈના કોઈ પણ વહેવારને ત્રાજવેથી તોળાય નહીં અને તેનો હિસાબ રખાય નહીં, તેમાં તો છૂટી જવાનું હોય છે. આપીને ભૂલી જવાનું હોય છે.

ધન, શક્તિ અને સત્તા મેળવવી સહેલી છે, પરંતુ તેનો સદ્‌ઉપયોગ કરવાનું મુશ્કેલ છે. ધનની ત્રણ ગતિ છે. દાન, ભોગ અને નાશ. જે ધન આપતો નથી, ભોગવતો નથી તેના ધનનો છેવટે નાશ થાય છે. ધનનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ દાન છે. પરહિતકાજે વપરાયેલું ધન અનેકગણું થઈને પાછું આવે છે. તેમાંથી મળતું સુખ અપાર છે. એ પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત છે. દાન કરવામાં માત્ર પ્રસિદ્ધિની જ ભાવના હોય, તે માટેનો અહંકાર હોય તો એ દાનનો કોઈ અર્થ સરતો નથી.

દરેક માણસ સુખ ઈચ્છે છે અને દુ:ખને ટાળવા મથે છે. સાચું સુખ શેમાંથી મળે તેની ખબર નથી. સુખ ઝાંઝવાના જળ જેવું છે. શોધવા જાવ તો ભટકો, મળશે નહીં અને તેની પાછળ દોડવાનું બંધ કરી દઈએ અને જે પ્રાપ્ત થાય તેમાં આનંદ અનુભવીએ તો સમજો, સુખી થઈ ગયા. **ધનની પ્રાપ્તિ, નામની ખ્યાતિ આ બધા સુખનાં કાલ્પનિક રૂપો છે. આપણાથી કોઈનું દિલ ઠરે અને તેમાંથી આનંદની જે અનુભૂતિ થાય છે તે સુખની પરાકાષ્ટા છે.** સુખની કોઈ વ્યાખ્યા નથી, કોઈ સીમા નથી, મર્યાદા નથી. ઈચ્છા અને અપેક્ષા રાખીએ તો સુખ દૂર ઠેલાતું જાય. ઈચ્છાઓ કદી પૂર્ણ થતી નથી. ઈચ્છા અને તૃષ્ણાઓનો કોઈ અંત નથી. ગમે તેટલું મળશે તો પણ સંતોષ થવાનો નથી. માણસ મનથી સમૃદ્ધ હોય તો સુખનો સાગર છે.

ન્યાયસંપન્ન ધન-વૈભવ, કુશળ સંસ્કારી પત્ની, આજ્ઞાંકિત સંતાનો અને સારો સત્સંગ જેને હોય તે માણસ સુખી છે, સારા થવું અને સારું કરવું એ ઉત્તમ ધર્મ છે.

**કરીએ સારું કોઈનું**
**એ જ ધર્મનું કર્મ**
**બીજા કલ્પિત ધર્મ છે**
**મનમાં સમજો મર્મ.**

**મહેન્દ્ર પુનાતર**

# એક બાજુ માતૃવાત્સલ્ય અને બીજી બાજુ તીર્થંકરમાન્ય શ્રી સંઘ-રાજા શું ન્યાય કરે ?

શૈશવકાળ અને બાલ્યકાળમાં જે સંસ્કારો અને વાતાવરણ મળે છે તેની જીવન પર ગહન અસર થાય છે. પૂર્વના સંસ્કારો માનવીના જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

અવંતી ક્ષેત્રમાં તુંબવન નામે સમૃદ્ધ નગરમાં ધન શેઠનો ધનગિરિ નામે સ્વરૂપવાન પુત્ર હતો. મહાત્માના સંસર્ગથી તે વિવાહ કરવા ઈચ્છતો ન હતો. એ જ નગરમાં ધનપાલ શ્રેષ્ઠીને સુનંદા નામે પુત્રી હતી. ધનપાલે યુવાન ધનગિરીને કહ્યું કે, મારી સ્વરૂપવાન પુત્રીનો તું સ્વીકાર કર. ધનગિરી કહે કે, મને સંસારરૂપી કેદખાનામાં ન નાખો. ધન કહે, ભગવાન ઋષભદેવને પણ ભોગાવલી કર્મ હતાં તો વિવાહ કરવા પડ્યા હતા. કર્મ ભોગવીને તું વિરક્તિ માર્ગે જજે અને બન્નેના વિવાહ થયા.

એકવાર અષ્ટાપદ પર્વત પર ગૌતમસ્વામીએ વૈશ્રમણ જાતિના એક દેવને પ્રતિબોધ આપ્યો હતો. તે પવિત્ર જીવ સુનંદાની કૃક્ષિમાં અવતર્યો.

પુત્રના અવલંબનથી સંતુષ્ટ થયેલી પત્ની પાસે ધનગિરિએ સંયમમાર્ગે જવાની અનુમતિ માગી અને તેણે સિંહગિરિ મુનિ પાસે દીક્ષા ધારણ કરી.

પુત્રના જન્મમહોત્સવમાં કોઈએ બાળકને ઉદ્દેશીને કહ્યું કે, હે બાલ! જો તારા પિતાએ દીક્ષા લીધી ન હોત તો આ મહોત્સવમાં આજે આનંદની છોળો ઉડત.

પૂર્વના જ્ઞાનાંશથી બાળક વિચારે છે, 'અહો' મારા પિતાશ્રીએ ચારિત્ર અંગીકાર કર્યું તે તો મહાભાગ્યશાળી કહેવાય. હું પણ પિતાના માર્ગે જઈશ. એમ ચિંતવી બાળપણાને ઉચિત રુદનરૂપ ઉપાય શોધ્યો.

સતત છ માસ સુધી બાળકની મહત્તમ જીવનચર્યામાં રુદન હતું. સુનંદા આ બાળકથી કંટાળી ગઈ.

એવામાં પોતાના સાધુસમુદાય સાથે સિંહગિરિ ગુરુ વિચરણ કરતા નગરમાં પધાર્યા. ગોચરી વહોરવા (ભિક્ષા લેવા) જતાં સિંહગિરિમુનિએ પક્ષીઓના શબ્દજ્ઞાનના નિમિત્તથી જાણીને શિષ્ય ધનગિરિમુનિને કહ્યું કે, આજે સચિત, અચિત, મિશ્ર જે કાંઈ દ્રવ્ય (વસ્તુ) મળે તે તમારે સ્વીકારી લેવાની છે.

આ તમારા પુત્રને હું તમને અર્પણ કરું છું. જૈન સાધુની સમાચારી પ્રમાણે તે ભિક્ષામાં સચેત (સજીવ) વસ્તુ સ્વીકારી ન શકે, પરંતુ આજે ગુરુની જ્ઞાનગર્ભિત આજ્ઞાને કારણે મુનિ કહે છે કે, ભવિષ્યમાં વિવાદ ન થાય માટે સાક્ષીની જરૂર પડશે. સુનંદા કહે, આ મારી સખીઓની સાક્ષીએ હું આપને તમારો આ પુત્ર અર્પણ કરું છું. આજથી તમારો તેના પર સર્વ અધિકાર રહેશે. મુનિ બાળકને ઝોળીમાં નાખી ઘર બહાર નીકળ્યા.

વાંકા વળીને આવતા જોઈ ગુરુ તેમની સન્મુખ આવી ઝોળી પોતાના હાથમાં લઈ કહે છે, હે મુનિ, આટલા વજનવાળું વજ્ર સમાન તમે શું લાવ્યા? ઝોળી ખોલી ચંદ્રમાની કાંતિવાળા બાળકને જોતાં તેણે બાળકનું વજ્ર એવું નામ આપ્યું.

મુનિઓ અન્યત્ર વિહાર કર્યા પછી સાધુઓના

ઉપાશ્રયમાં શ્રાવિકાઓ તેને ઉછેરવા લાગી. ઉપાશ્રયમાં વસ્ત્રના પારણામાં ઝુલતા આ વિચક્ષણ બાળક સાધ્વીઓના સ્વાધ્યાય-વાંચણીને એકાગ્ર ચિત્તે સતત શ્રવણ કરી અગિયાર અંગનું શાસ્ત્રજ્ઞાન શીખી ગયો.

એકવાર એ ઉપાશ્રયમાં સુનંદા આવતા બાળક પ્રતિ મોહ જાગૃત થતાં બાળકની માગણી કરી. મુનિ કહે, તમે વચન આપેલું અને સાક્ષી પણ છે. સંઘે પણ વિનંતી સ્વરે કહ્યું કે, આ ધર્મપુત્ર તમે અર્પણ કર્યો છે તે શાસનની થાપણ કહેવાય.

સુનંદા રાજા પાસે ન્યાય માગવા ગઈ. રાજા વિચારે છે કે, એક બાજુ માતૃવાત્સલ્ય અને બીજી બાજુ તીર્થંકરોએ પુરસ્કૃત કરેલ શ્રી સંઘ.

રાજાએ ન્યાય કર્યો. આ બાળક પોતાની ઈચ્છા અનુસાર જેની પાસે જાય તે એને લઈ જાય.

સુનંદાએ રમકડાં અને મીઠાઈ બતાવી તેને પોતાના તરફ આવવા લલચાવ્યો. બાળક સ્થિર ઊભો રહ્યો. મુનિ ધનગિરિએ રજોહરણ બતાવી કહ્યું કે, હે વત્સ, કર્મરૂપ રજ દૂર કરી મુક્તિમાર્ગે જવું હોય તો આ રજોહરણ ગ્રહણ કર. આ સાંભળતાં ચપળ હરણની જેમ કૂદકો મારી તેણે મુનિ પાસેથી રજોહરણ ગ્રહણ કર્યું.

જયનાદ સાથે રાજાએ શ્રી સંઘની પૂજા કરી.

સુનંદા વિચારે છે કે, મારો ભાઈ મારો પતિ તો મુનિ થયા છે. હવે પુત્ર પણ મુનિ થયો, તે પણ સંયમમાર્ગે ગઈ.

વ્રતની ઈચ્છાથી શિશુ સ્તનપાન કરતો નથી. ગુરુજીએ દીક્ષિત કર્યો. આઠ વર્ષનો થતાં અલગ અલગ ક્ષેત્રો વિહાર કરે છે.

દેવોની કસોટીમાંથી પાર ઉતરતા દેવોએ તેને આકાશગામી વિદ્યા આપી.

પ્રખર જ્ઞાનને કારણે નાની ઉંમરમાં વાચનાચાર્ય બન્યા.

દુષ્કાળને કારણે તેના ઉપાય માટે સંઘે વિનંતી કરી. આકાશગામિની વિદ્યાની સહાયથી શ્રી સંઘને મહાપુરી સુકાળ ક્ષેત્રમાં લઈ જતાં સંઘ સુખથી રહેવા લાગ્યો.

રૂક્મણિ નામે કન્યા અનુરાગવાળી થતાં તેના પિતાએ મુનિને તેની સાથે વિવાહ કરવા કહ્યું. મુનિએ તો કન્યાને સંસારની અસારતા સમજાવતાં તે સાધ્વી બની ગઈ.

મુનિએ સોપાર નગરમાં ઈશ્વરી શ્રાવિકાને ત્યાં વિશિષ્ટ સમજણ આપી શિષ્યને મોકલ્યો. ઈશ્વરીએ કહ્યું કે, અહીં દુકાળ છે. ભાવિ કષ્ટની કલ્પનાથી અમે લક્ષમૂલ્યનું-પાયસ (ખીર કર્યું છે. અમે તેમાં વિષ ભેળવી જીવનાંત કરવાના હતા એ પહેલાં આપ અમારા પર કૃપા કરી આ ભોજન સ્વીકારો. હે ઈશ્વરી, મારા ગુરુના વચન સાંભળ. તું આજ આ કાર્યથી રોકાઈ જા. લક્ષમૂલ્ય અને પાયસ એક સ્થળે જોવાતા દુકાળ ચોવીશ કલાકમાં સુકાળ થવા લાગશે.

સાંજે દેશાવરથી ધાન્ય ભરેલાં વહાણોની મદદ આવી ને મધરાતે વર્ષા થઈ.

ઈશ્વરી ધર્મસ્થાનકે જઈ ગુરુને વંદન કરી સપરિવાર દીક્ષિત થાય છે.

વજ્રસ્વામીએ પંચમાંગલમ્ શ્રૂત મૂળ સૂત્રશાસ્ત્રમાં લખ્યું, જ્યાં તેમનો કાળધર્મ થયો તે પર્વત રથાવર્ત નામે પ્રસિદ્ધ થયો. તીર્થ સોપારકમાં તેમની પૂજનીય મૂર્તિ વિદ્યમાન છે, ''પુત્રનાં લક્ષણ પારણામાંથી'' એ ઉક્તિ એ સુલક્ષણા મહાપુરુષે ચરિતાર્થ કરી.

**- ગુણવંત બરવાળિયા**

# જાણો છો, આપણા મનમાં ઉત્પન્ન થતાં ભ્રમ વિશે રામાયણમાં શું કહ્યું છે ?

અશોક વાટિકામાં જ્યારે રાવણ ક્રોધમાં આવીને સીતામાતાને તલવાર લઈ મારવા દોડયો, ત્યારે હનુમાનજીને લાગ્યું કે રાવણ પાસેથી તલવાર છીનવી લઈને તેનું ગળું કાપી નાખવું જોઈએ, પરંતુ એ જ સમયે મંદોદરીએ રાવણનો હાથ પકડી લીધો. આ દ્રશ્ય જોઈને હનુમાનજી ગદ્‌ગદ્‌ થઈ ગયા, પરંતુ હનુમાનજી વિચારવા લાગ્યા કે ''જો હું સીતાજીને બચાવવા આગળ ગયો હોત, તો મને એ વાતનો ભ્રમ થઈ જાત કે હું ન હોત તો આજે સીતામાતાનું શું થાત? તેમને બચાવવા માટે કોણ આગળ આવે?'' તો આવી જ રીતે ઘણીવાર આપણને પણ એવો ભ્રમ થતો હોય છે કે હું ન હોત તો શું થાત?

પરંતુ ત્યારે બન્યું એવું કે સીતાજીને બચાવવાનું કામ પ્રભુએ રાવણની પત્ની મંદોદરીને સોંપ્યું. ત્યારે હનુમાનજી સમજી ગયા કે, ''પ્રભુ જે કાર્ય જેમની પાસે કરાવવા માગે છે તેઓ તેમની પાસે જ કરાવે છે.'' ઈશ્વરની ઈચ્છા વગર કોઈ પણ કાર્ય થતું નથી.

આગળ જતા જ્યારે ત્રિજટાએ રાવણને કહ્યું કે, ''લંકામાં કોઈ વાનર ઘૂસી આવ્યો છે અને તે લંકાને સળગાવવાનો છે.'' ત્યારે હનુમાનજી ચિંતામાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે, ''પ્રભુએ મને લંકા સળગાવવાનું તો કીધું નથી, તો પછી આ ત્રિજટા કેમ આવું કહે છે કે મેં સપનું જોયું છે અને તેમાં એક વાનર લંકાને સળગાવી રહ્યો છે. તો હવે મારે શું કરવું? હનુમાનજીએ ત્યારે કહે છે જેવી પ્રભુની ઈચ્છા.

જ્યારે રાવણનાં સૈનિકો તલવાર લઈ હનુમાનજીને મારવા દોડયા, ત્યારે હનુમાનજીએ પોતાના બચાવમાં થોડો પણ પ્રયત્ન ન કર્યો, પરંતુ એ સમય જ ત્યાં વિભિષણ આવ્યા અને કહ્યું કે કોઈ દૂતને મારવા એ અનીતિ છે. ત્યારે પણ હનુમાનજી સમજી ગયા કે પ્રભુએ મને બચાવવા માટે આ ઉપાય કર્યો છે.

હનુમાનજીને ખૂબ જ આશ્ચર્ય થયું કે જ્યારે રાવણે કહ્યું કે, આ વાનરને મારવો નથી, પરંતુ તેની પૂછડી પર કપડું બાંધી, ઘી નાખી અને આગ લગાવી દો ત્યારે હનુમાનજી વિચારવા લાગ્યા કે ત્રિજટાના સપનાની વાત સાચી હતી. કેમ કે લંકા સળગાવવા હું કપડું અને ઘી ક્યાંથી લાવું? અને આગ પણ કંઈ રીતે પ્રગટાવત? પણ આ બધી તૈયારીઓ પ્રભુએ રાવણ પાસે જ કરાવી લીધી. ત્યારે હનુમાનજી કહે છે, જ્યારે તમે રાવણ પાસે પણ આવું કામ કરાવી લો છો, તો મારે આમાં આશ્ચર્ય કર્યા જેવું કંઈ નથી. ત્યારે હનુમાનજીને પણ સમજાય જાય છે કે આપણા વગર પણ બધું શક્ય હોય છે. આપણે બસ નિમિત્ત હોઈએ. એટલા માટે હંમેશાં યાદ રાખો કે આ સંસારમાં જે કઈ પણ થાય છે, તે ક્રમબદ્ધ થાય છે. હું અને તમે, તેના માત્રને માત્ર નિમિત્ત માત્ર છીએ. એટલા માટે ક્યારે પણ મનુષ્ય જીવે એ ભ્રમમાં ન રહેવું જોઈએ કે, ''હું ન હોત તો શું થાત? અથવા હું નહીં હોઉં તો શું થશે?'' જો આપણે એ સ્થાન પર ન હોઈએ તો તેની જગ્યાએ ભગવાન કોઈ બીજા પાત્રને નિમિત્ત બનાવે.

## મોડું થયું...

તમે આવ્યાં ઘણું સારું થયું,
અહીંયા સ્હેજ અજવાળું થયું.
કદી માન્યું હતું મારું કહ્યું?
પછી શાને કહે આવું થયું!
નથી કૈં કામધંધો આવડ્યો,
છતાં પણ એક ઘર મારું થયું.
નથી મારે ખુલાસા આપવા,
ભલેને ખૂન ઈચ્છાનું થયું.
વચન, વટ, વેર પૂર્યાં મ્યાનમાં,
પછી જે કંઈ વિચારાયું, થયું.
થવાનું હોય છે તે થાય છે,
અરે સાહેબ, આ બ્હાનું થયું.
બધી આળસ મને ચોંટી પડી,
હજીયે 'શ્વેત' ક્યાં મોડું થયું!

**- મનીષ પાઠક 'શ્વેત'**

# પ્રાર્થનાનાં પરમાણુ

**''પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક''**

**પ્રાર્થનાનાં** બીજા સમાનાર્થી શબ્દો છે. યાચના, બંદગી, વંદના વગેરે વગેરે. પ્રાર્થના એ અંતરનો આર્તનાદ છે. આપણી પ્રાર્થનામાં એક શક્તિ, વજુદ અને સચ્ચાઈ હોવી ખૂબ જ જરૂરી છે. જેમ શરીરને આહારની જરૂર હોય છે એમ આત્માને પ્રાર્થનાની જરૂર છે. **પ્રાર્થના એ પ્રભુ અને ભક્ત વચ્ચેનો સેતુ છે. જે તમને જોડી રાખે છે.** અને એકબીજા સુધી પહોંચાડે છે. આપણા સ્કુલો અને ઘરોમાં પ્રાર્થના કરી એને મંદિર બનાવવાની આપણી ભાવના હોય છે અને પુસ્તકોમાં પણ પ્રાર્થના છપાય છે. જેની અસર નાના બાળકો પર રહે છે જે મોટો થતાં પણ ભુલતો નથી માટે **પ્રાર્થના એ આપણી સંસ્કૃતિનું પ્રતિક છે.**

જેના માટે આપણે કાંઈ જ ન કરીએ શકીએ એના માટે પણ પ્રાર્થના તો કરી જ શકીએ. ત્યારે સર્જનહારને એટલી વિનંતી કરવી કે હું જેને ચાહું છું, જેને યાદ કરું છું એને સદાય ખુશ રાખજે. ઘણી વખત એવું પણ બને કે તમે જે વ્યક્તિને યાદ કરતા હો એ વ્યક્તિ પ્રાર્થના ટાઈમે આંખો બંધ કરવાની સાથે જ સામે આવી જાય.

કહેવાય છે કે તમે રસ્તા પરથી પસાર થાવ અને કોઈ તમારું ધાર્મિક સ્થળ આવે તો પ્રાર્થના-વંદન થાય તો જરૂરથી કરજો, પરંતુ રસ્તા પર જતા હોવ અને કોઈ એમ્બ્યુલન્સ જતી હોય ત્યારે અચુક પ્રાર્થના કરજો કારણ કે ત્યારે અંદર રહેલ વ્યક્તિ અને તેના પરિવારજનો નો ખૂબ જ મુશ્કેલ સમય હોય છે. મંદિર, ચર્ચ કે મસ્જીદની દિવાલો કરતાં હોસ્પિટલોની દિવાલો વધું પ્રાર્થના સંભાળતી હશે. આ એક સત્ય છે કારણ કે સુખમાં કદાચ તમે પ્રાર્થના કરવાનું ભુલી જાવ પરંતુ દુઃખમાં અચુક પ્રાર્થના યાદ આવે છે અને માણસને તકલીફમાં થોડી રાહત આવે છે અને હા! ભલે ઈશ્વર એક જ છે છતાંય એના સ્વરૂપ અલગ છે માટે તમે જે સ્વરૂપને માનતા હોવ એની જ પ્રાર્થના કરો તો તમારો વિશ્વાસ મજબુત બનશે અને પ્રાર્થનાનું ફળ પણ મળશે. કારણકે ''એક એક ફુટના સો ખાડા ખોદશુ તો પાણી નહિ નીકળે પરંતુ એક જ જગ્યાએ સો ફુટનો ખાડો ખોદશું તો જરૂરથી પાણી મળશે''.

**ઘણીબધી ચાવીથી ખુલતો તાળો આપણે ખરાબ સમજીને ફેંકી દઈએ છીએ પરંતુ એક જ ચાવી ઘણા બધા તાળા ખોલે તો આપણે એને ''માસ્ટર કી'' કહીએ છીએ એટલે આપણી પ્રાર્થના બગડેલા તાળા જેવી નહિ પરંતુ ''માસ્ટર કી'' જેવી હોવી જોઈએ જે દરેક સમસ્યામાં સમાધાન આપે અને મનને પણ શાંતિ આપે.**

આપણામાં કોઈ મૃત્યુ પામે તો પણ તેની ''પ્રાર્થના સભા'' યોજાય અને ત્યાં ભક્તિ ગીતો ગવાતા હોય અને બધા સાંભળતા હોય છે. જો કોઈ ઉંમરલાયક મૃત્યુ પામ્યું હોય તો આત્માની શાંતિ માટે ગીતો ગવાય, પરંતુ કોઈ નાનું મૃત્યુ થયું હોય ત્યારે એ ગીતો પ્રાર્થનાનું સ્વરૂપ લઈ લે છે અને દરેક જણ એ ભાવના ભાવે છે કે તેમના પરિવારને હિંમત મળે અને આવી પડેલ દુઃખમાંથી આવા ગીતોની શક્તિ મળે અને સૌ સાથે મળીને એક પંક્તિ ગાતા હોય છે અને પ્રાર્થના કરતા હોય છે કે ''જે જીવ આવ્યો આપ ચરણે હૃદયથી અપનાવજો, પરમાત્મા એ આત્માને પરમશાંતિ આપજો'' કારણ કે ભલે આ એક વહેવાર લાગે પરંતુ એની પાછળ પણ કાંઈ હેતુ તો હશે જ અને સિંગલ પ્રાર્થના કરતાં સામુહિક પ્રાર્થના ખૂબ જ બળ આપનારી હોય છે.

પ્રાર્થનામાં હૃદય વિનાના શબ્દો હોવા કરતા મૌન હોવું વધુ જરૂરી છે અને ફળદાયી છે. એક ખેડુત રોજ સવાર અને સાંજ ચોપડીમાં જોઈને પ્રાર્થના કરે હવે બન્યું એવું કે તે એક દિવસ બહારગામ ગયો અને પ્રાર્થનાની બુક ભુલી ગયો અને એને મોઢે કોઈ પ્રાર્થના

આવડતી ન હતી અને એણે તો આખી બારખડી બોલી પ્રભુને પ્રાર્થના કરી કે આ શબ્દોથી તને જે ગમે તે પ્રાર્થના બનાવી લેજો અને મારી પ્રાર્થનાનો સ્વીકાર કરજો.

ગાલિબનો એક શેર છે કે. ''તું ન કર હજુર કો બાર બાર અરજ. ઝાકિર હૈ તેરા હાલ ઉનકો કહે બગર'' ઓર તું ઈતના જોર સે ભી પ્રાર્થના મત કર ક્યુંકી ''જો ચીટી (કીડી) કે પેરો સે નુપુર બજતા હૈ વો ભી મેરે સાહેબ સુનતે હૈ તો તેરા સાહેબ ક્યા બહેરા હૈ'' એવું ''સંત કબીર'' પણ કહે છે માટે **પ્રાર્થનામાં જેટલા શબ્દો અને અવાજ ઓછા એટલી વધારે ઉત્તમ છે.**

દુનિયાના કલ્પનીય વસ્તુ અને સંજોગો પ્રાર્થનાથી ફલિત થાય છે નાનું દ્રષ્ટાંતઃ ઓફિસમાં કામ કરતી સ્ત્રીને ઘરેથી બેબીસીટરનો ફોન આવ્યો કે તેની દિકરીને ખૂબ જ તાવ આવી ગયો છે. સ્ત્રી ઘરે જવા રવાની થઈ અને મેડિકલમાંથી તાવની દવા લેવા સ્ટોરની સામે ગાડી ઉભી રાખી અને જ્યારે તે દવા લઈને આવી તો એને ધ્રાસકો પડ્યો કે ઉતાવળમાં ગાડીની ચાવી અંદર જ રહી ગઈ અને ગાડી લૉક થઈ ગઈ છે. મેડિકલ સ્ટોરવાળો પણ દુકાન બંધ કરીને જતો રહ્યો. અને આજુબાજુ પણ કોઈ ઘર ન હતા અને કોઈ દેખાતું ન હતું હવે શું કરવું? એ હતપ્રભ થઈ ગઈ મુંઝાઈ ગઈ કોઈ ટેક્ષી પણ આવતી ન હતી અને અધુરામા પુરૂ મોબાઈલની બેટરી પણ પૂરી થઈ ગઈ તેને ઘરે માંદી દિકરી પાસે પહોંચવું ખૂબ જ જરૂરી હતું તેને આવા સંકટના સમયે ભગવાન યાદ આવ્યા અને પ્રાર્થના કરવા લાગી.

એ જ વખતે એક જુની કાર આવીને ઉભી રહી અને અંદરથી લઘર-વઘર માણસ ઉતર્યો અને સ્ત્રીને આમ એકલી ઉભા રહેવાનું કારણ પુછ્યું એટલે સ્ત્રીએ રડતા અવાજે કહ્યું કે મારી ગાડી લોક થઈ ગઈ છે અને મારે ઘરે પહોંચવું બહુ જ જરૂરી છે કારણ કે મારી નાની દિકરી બિમાર છે. પેલા માણસે પોતાની ગાડીમાંથી પતરાની પટ્ટી કાઢી અને કાર ખોલી આપી. પેલી સ્ત્રીએ કહ્યું કે ભાઈ તમારો ખૂબ જ આભાર અને તમે ખૂબ જ સારા માણસ છો ત્યારે પેલા ભાઈએ કહયું કે ના હું સારો માણસ નથી આજે જ જેલમાંથી છુટીને આવ્યો છું ત્યારે આશ્ચર્યથી સ્ત્રીએ પુછયું ક્યા ગુના માટે? ત્યારે પેલા ભાઈએ કહ્યું કે ગાડી ચોરવાના ગુના માટે. અને પેલો માણસ જતો રહ્યો અને સ્ત્રી ગાડીમાં બેઠી અને સ્ટેરીંગ પર હાથ રાખીને એ આકાશ તરફ જોવા લાગી કે હે પ્રભુ તારી લીલા! તે સમયસર માણસ તો મોકલ્યો અને એ પણ કાર ખોલવાનો નિષ્ણાંતને!! અર્થાતઃ **ઘણી વખત આપણે મુશ્કેલીમાં હોઈએ અને ભગવાનને યાદ કરીએ ત્યારે આપણને કોઈને કોઈ રૂપમાં મદદ મળી જ જતી હોય છે. એ પ્રાર્થનાનું બળ હોય છે અને એમાં ઈશ્વરનો સંકેત હોય છે.**

ઘણી વખત મુશ્કેલ ઘડીમાં કરેલ પ્રાર્થના ન પણ ફળે અને આપણું બધું લુંટાઈ જાય ખતમ થઈ જાય ત્યારે એવું પણ બને કે ભગવાનની પ્રાર્થના પ્રત્યે આપણને નફરત થઈ જાય અને આપણે છોડી દઈએ પણ પાછા આપણે નોર્મલ થઈને ભગવાનને યાદ કરતા થઈ જઈએ કારણ કે એ કોઈ બીજા સારા પ્રસંગો આપણી જીંદગીમાં ઉમેરી દે.

આજે પણ ઘરે લગ્નપ્રસંગમાં ગણેશ અને કુળદેવતાની સ્થાપના કરીએ છીએ અને સવારે પ્રભાતિયા (પ્રાર્થના) કરીએ છીએ અને ગણેશને વિનવણી કરીએ છીએ કે પ્રસંગ નિર્વિઘ્ન પુર્ણ થાય. હા, બાકી શ્રદ્ધા રાખવી ખૂબ જ જરૂરી છે. જ્યારે વરસાદ માટે પ્રાર્થના કરવા ગામના લોકો ભેગા થયા એમાં એક બાળક છત્રી લઈને આવ્યો ત્યારે કોઈએ એને પુછ્યું કે વરસાદ જ નથી આવતો તો છત્રી કેમ લઈ આવ્યો? ત્યારે નાના બાળકે જવાબ આપ્યો કે આપણે વરસાદ માટે પ્રાર્થના કરવા આવ્યા છીએ એટલે વરસાદ આવે તો ભીંજાઈ ન જાઉં એટલા માટે આવી શ્રદ્ધા હોવી જોઈએ.

અંતમાંઃ **આપણું કાર્ય નિષ્ઠાપુર્વક અને ઈમાનદારીથી કરવું એ પણ એક પ્રાર્થના જ છે.**

**પુષ્પા કિશોર ગાલા**

# પરિસ્થિતિની સ્થિતિ

મને ખબર નથી પડતી, તેઓએ એમ શા માટે કર્યું? એઓ એમ કેમ કરી શકે?, શું તેમનું આ રીતે કરવું યોગ્ય હતું? મારાથી થાય તેટલી બધી જ મહેનત મે નાખેલી તેમ છતાં યે તેઓ કેમ ન સમજ્યા? તેઓને કોઈ પ્રોબ્લેમ હતો તો વાત કરવી જોઈએ ને? એમ કેટલાય પ્રશ્નો હોય છે જેનો જવાબ ચાહીએ ત્યારે મળી શકતો નથી, પણ અંતે કોઈ સમજદાર વ્યક્તિ હશે તો કહેશે કે, કદાચ તેમની પરિસ્થિતિ નહીં હોય અથવા તેમનાં કોઈ સંજોગો હશે. આ અંતની વાત એ જે તે વ્યક્તિએ જે પરિસ્થિતિ આવી છે તેનો તેણે સ્વીકાર કરી લીધો છે તેનું સૂચક છે. પણ આ સૂચક સુધી પહોંચતા અગાઉની યાત્રા ઘણી જ લાંબી હોય છે જે માનસિક રીતે વધારે લાંબી હોય છે અને તે લાંબા રસ્તાને પસાર કરવો બહુ મુશ્કેલ હોય છે.

અમેરિકન ડો. ક્રેઈગ લીચમેન (**Psychaitrist Therapist**) કહે છે કે, એવું નથી કે જે તે વ્યક્તિએ પૂરતો પ્રયાસ કે પુરુષાર્થ નથી કર્યો, બલ્કે તેણે તો અન્ય લોકો કરતાં પોતાની રીતે કશુક અલગ વિચારીને સૌથી સારું કરવા પ્રયત્ન કર્યો હતો પણ સામેવાળી વ્યક્તિનાં સંજોગો કશીક જુદી જ દિશામાં જઈ રહ્યાં હતાં, તેથી તેની પોતાની ઈચ્છા હોવા છતાં યે તેઓ પૂરતો ન્યાય ન આપી શક્યાં. આ બાબતનો અર્થ એ નથી કે, સામેવાળી વ્યક્તિને પીડા નથી પહોંચી એને ય એટલી પીડા પહોંચી છે, કશીક સારી બાબત છૂટી ગયાંનો અફસોસ તેને ય થતો હોય છે પણ તે પરિસ્થિતિનું કોઈ નામ નથી હોતું બસ... તે આવી જાય છે.

આપણે જેની વાત કરી રહ્યાં છીએ તે પરિસ્થિતિનાં સ્થિતિ, અનુસ્થિતિ એમ બે પ્રકાર હોય છે. જોવાની વાત એ કે અનુસ્થિતિ ઉપરથી સ્થિતિનો ખ્યાલ આવે છે અને સ્થિતિ ઉપરથી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. આમ ભલે ત્રણેય સ્થિતિઓ એકબીજા સાથે સંકળાયેલી હોય તેમ છતાં યે ત્રણેયનો અર્થ જુદો જુદો થાય છે. દા..ત (૧) અનુસ્થિતિ એટલે વ્યક્તિત્વ અથવા અસ્તિત્વ. (૨) સ્થિતિ એટલે હાલત - દશા (૩) પરિસ્થિતિ એટલે કોઈ કારણને નિમિત્ત બનાવીને અથવા વ્યક્તિને કારણે ઊભી થતી સમસ્યા અથવા ઘટના. હવે આ ત્રણેય અર્થોને થોડા પ્રસંગોથી જોઈએ. દા.ત. જે તે વ્યક્તિ કેવી છે? તેનું વ્યક્તિત્વ શું છે, તે કયું કાર્ય શા માટે કરે છે, તે એમ વિચારે છે??? આ બધાં જ પ્રશ્નોનાં જવાબો જે તે વ્યક્તિનાં હાવભાવ, શારીરિક સ્થિતિ પર આધાર રાખે છે. જોવાની વાત એ કે, આપણે રોજે નવીજૂની અનેક વ્યક્તિઓને મળીએ છીએ ત્યારે તેનાં ચહેરા કે વસ્ત્રો પરથી તેને વધુ ઓળખવાનો સમજવાનો પ્રયત્ન કરતાં જ હોઈએ છીએ તેમ છતાં યે આપણે તેમને પૂર્ણ રીતે સમજી શકતાં નથી કારણ કે આપણું ધ્યાન તેનાં બાહ્ય દેખાવ પર વધુ હોય છે.

થોડાં દિવસ પહેલાં એક ઈન્ટરનેશનલ અર્થ કોન્ફરન્સમાં ભાગ લેવાનું થયું. આ કોન્ફરન્સમાં આવેલ પ્રત્યેક વ્યક્તિને હું મળી, પણ એક વ્યક્તિ ખાસ ભાર મૂકી ગઈ. બાંગ્લાદેશથી આવેલ ફતિહાએ અર્થ લાઈફ ઉપર સુંદર લેક્ચર આપ્યું, પણ જ્યારે અમારી વાતચીત થતી હતી ત્યારે તે રેફ્યુજીનાં નામ ઉપર થોડી ઝંખવાઈ ગઈ. તેનાં આ એક વાક્યથી આશ્ચર્ય પામી થોડી વિશેષ પૂછતાછ કરતાં જાણવા મળ્યું કે, તે અને તેનો પરિવાર બાંગ્લા અને મ્યાનમારની બોર્ડર પર રહેતો હતો. પણ બે અલગ પ્રજા વચ્ચે ભેદભાવને કારણે તેમનાં ઘરબાર છીનવાઈ ગયાં અને તેણે અને તેનાં પરિવારે ભારત-બાંગ્લા વચ્ચે રહેલ રેફ્યુજી કેમ્પમાં આશરો લીધો. આ કેમ્પમાં તેને ઘણાં અનુભવો થયાં. આ અનુભવો સામે લડતાં લડતાં અંતે એક એનઓજી દ્વારા તેઓ આ રેફ્યુજી કેમ્પમાંથી બહાર નીકળી એટલું જ નહીં પણ તેણી પોતાનાં વિષયનું

લેક્ચર આપવાં છેક અમેરિકા પહોચી. આમાં જોવાની વાત એ કે, મ્યાનમારથી આ કેમ્પ સુધી પહોંચવાની તેની સફરને કારણે તેના સ્વભાવ અને હાવભાવથી ઓળખાઈ ગઈ કે, આના અમુક વિચારો આમ શા માટે છે.

બીજી રીતે કહું તો ફતિહાની ગઈકાલની હાલતથી સ્થિતિ ઊભી થઈ અને એ સ્થિતિથી તેની આજની પરિસ્થિતિ ઊભી થઈ. પણ સ્થિતિ અને પરિસ્થિતીની અસ્થિરતાએ તેને એટલી મજબૂત બનાવી કે તે આજે એક સ્પીકર તરીકે અમારી સામે ઊભી હતી અને લોકો તેને તાળીઓ સાથે વધાવતાં હતાં. જો'કે આમાં એવું યે થયું કે ફતિહાને મળતાં અમને થોડી લઘુતા ગ્રંથિ આવી ગઈ કારણ કે તેનાં અનુભવો પાસે અમારો આત્મવિશ્વાસ તો કાંઈ જ ન હતો. આમ અમારામાં આ વિચાર ઉદ્‌ભવવાનું કારણ એ કે, અમે તેનાં જેવી પરિસ્થિતિમાંથી ક્યારેય પસાર નથી થયાં. ફતિહાનો પ્રસંગ એક અલગ પ્રસંગ છે.

ત્યાં ડો ક્રેઈગ એમ પણ કહે છે કે, વ્યક્તિનો સ્વભાવ અંતર્મુખી છે કે બહિર્મુખી, જે તે વ્યક્તિની બોડી લેંગ્વેજથી, તેનાં સતત બદલાતાં મૂડથી, તેનાં વાણી અને વિચારથી, તે જે તે વ્યક્તિ સમજાય નહીં ત્યારે તમે એના પરિવારનો કોન્ટેક્ટ કરો કારણ કે આ પરિવાર જ જે તે વ્યક્તિનાં વ્યક્તિત્વની સંપૂર્ણ રૂપરેખાને પ્રગટ કરશે.

**સ્થિતિ પછીની પરિસ્થિતિનું બદલાતું વાતાવરણઃ-** સ્થિતિ પછીની પરિસ્થિતિનું બદલાતું વાતાવરણ બહુ અજીબ હોય છે. કારણ કે અનુકૂળ પરિસ્થિતિમાં સાથ આપનારા અને સાથ કામ કરનારા ઘણાં લોકો હોય છે પણ વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે સાથ દેનારા લોકો ઓછા હોય છે, પણ માણસનો આ સમય એવો હોય છે જ્યારે તે સાચા ખોટા સંબંધોનાં પરિણામને સમજી શકે છે અથવા તો સ્વને ય સમજી શકે છે. ઘણીવાર એવું થાય છે પ્રતિકૂળ પરિસ્થિતિ દરમ્યાન માણસ મોટાભાગે તૂટી જાય છે, અથવા સ્વ પર કાબુ નથી રાખી શકતો. આ સમય એવો હોય છે, જ્યારે વ્યક્તિમાં તણાવ, ગુસ્સો, દર્દ, ચિંતા વગેરે જોવા મળે છે. આ બધાં જ તત્ત્વો વ્યક્તિની પરેશાનીમાં વધારો કરે છે, પણ હકીકત એ હોય છે કે, આ સમય તૂટવાનો નથી હોતો પણ માનસિક સંતુલન રાખી સ્વને જોડવાનો હોય છે. આ ખરાબ પરિસ્થિતિ અને ખરાબ સમય માટે દાદા રવિન્દ્રનાથ ઠાકુરની એક રચના સમજવા જેવી છે. ૧૯૦૫માં રચાયેલ ''તું એકલો જાને રે'' એ કાવ્યમાં દાદા ઠાકુર કહે છે કે, તારા જીવન સફરમાં અગર તને કોઈ સંગાથ મળતો નથી કે તારા ખરાબ સમયમાં તારાથી મો ફેરવી લે છે અથવા તારી એ ખરાબ પરિસ્થિતિમાં તારાથી ડરી તારા ચાલવાનાં માર્ગમાંથી એ પોતાનો માર્ગ ફેરવી લે છે ત્યારે તું તારી જાતને એકલો ન જાણ તું તારા મનને મજબૂત કર, હૃદયને સાંત્વના આપ અને તારો દીવો તું ખુદ બની એકલો નીકળી પડ તારા ધ્યેય તરફ યાદ રાખ કે આજની તારી હિંમત એ તારી આવતી કાલની સ્થિતિ વધુ સારી કરશે ત્યારે આજનો આ કપરો સમય અને આ પરિસ્થિતી નહીં હોય અને તારાથી દૂર થયેલાં લોકો તારી પાસે ફરીથી આવશે. પણ હવે તને ખબર છે કે, તારી અંધારી રાતે તારે માટે દીવો બનનાર કેટલી વ્યક્તિઓ તારી આસપાસ છે.

**જ્યારે દીવો ન ધરે કોઈ,**
**ઓરે ઓરે ઓ અભાગી! દીવો ન ધરે કોઈ,**
**જ્યારે ઘનઘેરી તુફાની રાતે, બાર વાસે તને જોઈ;**
**ત્યારે આભની વીજે, તું સળગી જઈને**
**સૌનો દીવો એકલો થાને રે! - તારી જો**

અંતઃ- જીવનમાં એવી કોઈ પરિસ્થિતિ નથી હોતી જેનું કોઈ સમાધાન ન હોય અને જો કોઈ સમાધાન ન થાય તેવી પરિસ્થિતિ હોય તો તે કાર્યને સમજીને તેને એ રીતે બદલવા પ્રયત્ન કરો કે મુશ્કેલીનો સમય પણ કહે; આહ...!! હું આવ્યો તો પરેશાન કરવા પણ હું જ પરેશાન થઈ અહીંથી ભાગી રહ્યો છું. (જીન હેબિટસની બુક ''બેટર ધેન બિફોર''માંથી)

**પૂર્વી મોદી મલકાણ**

# સોરઠ સંજીવની

આરોગ્યની દૃષ્ટિએ આયુર્વેદમાં આપણી રોજની રસોઈમાં વપરાતા મસાલા, વસાણાનો મહિમા ખૂબ વર્ણવ્યો છે. તેમાં ખાસ હળદરને તો ‘પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર’ કહ્યું છે.

રોજના જમવામાં વપરાતી સૂકી હળદર આપણાં શરીર માટે ખૂબ અગત્યની ચીજ છે. પરદેશમાં પ્રયોગોથી સિદ્ધ કરેલી હળદરના મનુષ્ય શરીર માટેના અનેક લાભદાયી ઉપાયો અને ઉપયોગો સિદ્ધ થયા છે. સ્વાદમાં તૂરી, કડવી, તીખી, ગરમ, લુખ્ખી, પચવામાં હલકી, વાતહર, મેદ ઘટાડનારી, કફ નાશક, પિત શામક, રક્તવિકાર મટાડનાર, રંગ સુધારક, કરમીયા, મેદરોગ, વાત-કફ રોગ, ઉધરસ, શરદી, અપચો, પ્રમેહ, ડાયાબિટીસ, ચામડીના રોગો તથા કાકડામાં પણ ખૂબ ઉપયોગી હળદર છે.

જોકે રસોઈમાં રંગ લાવવા હળદર વપરાય છે. તથા શરીરનો રંગ પણ સુધારે છે. તેથી જ લગ્ન વખતે પીઠી હળદરથી શરીરને ચોળાય છે. તે શરીરનો વાન ઉઘાડે છે. રોજ એક ચમચી સવારે અને સાંજે હળદરનો તાજો રસ પીવાથી ‘વા’ના દર્દીઓને દુઃખાવામાં રાહત થાય છે. આંગળા, ઢીંચણ, કાંડા, કોણી વગેરેમાં થયેલ સોજો મટાડે છે. જ્યારે પેટ દુઃખે ત્યારે હળદરનો પાવડર અથવા લીલી હળદર રોજ ૨૫ ગ્રામ જેટલી લેવાથી દુઃખાવામાં ખૂબ ફેર પડે છે. હળદર નિયમિત લેવાથી હોજરીની અંતરત્વચાનું રક્ષણ કરનારા મ્યુસીન વધારે પ્રમાણમાં ઉત્પન્ન થવાથી હોજરીમાં ઉત્પન્ન થનાર એસીડને લીધે અલ્સર થશે નહીં તેમજ પેટમાં દુઃખશે નહીં. કેન્સરને પણ થતું અટકાવે છે.

● હળદર મોં વાટે લેવાથી તેમજ ગુલાબજળની સાથે મિશ્રણ કરી ચામડી ઉપર લેપ લગાડવાથી ચામડીની સુંદરતા વધે છે. ચામડીના રોગોમાં પણ રાહત આપે છે.

● ઉપરાંત શરીરમાં ભરાયેલા કચરાને બહાર કાઢવામાં હળદરનું નિયમિત સેવન ખૂબ મદદ કરે છે. એટલું જ નહીં પણ એઈડઝના રોગમાં પણ રાહત આપે છે.

● હળદરના પાવડરની પેસ્ટ બનાવી તેનો ઉપયોગ કરવાથી વાગવા અને દાઝવાથી ચામડીની દરેક પ્રકારની તકલીફો તેમજ વાના દુઃખાવા માટે સાંધા કે સ્નાયુના દુઃખાવામાં ઘણો જ ફાયદો થાય છે.

● હળદરમાં કોલોસ્ટ્રોલ ઓછું કરવાનો ગુણ છે. બીટાકેરોટીનથી હૃદયની કેરોનરી આર્ટરીમાં ક્લોટ (ગઠ્ઠો) થતો નથી. જેને કારણે હૃદયરોગ સામે રક્ષણ મળે છે. નિયમિત હળદરનું સેવનથી વાઈરલ હેપીટાઈસ થવાની શક્યતા ઘટી જાય છે.

**હળદરના ઔષધીય ગુણો-**

**HDL** કોલોસ્ટ્રોલ (સારુ) તથા **LDL** કોલોસ્ટ્રોલ (ખરાબ) બન્નેને નોર્મલ રાખવામાં હળદર મોટો ભાગ ભજવે છે. વાળ માટે પણ હિતકારી છે.

ગમે તેવા ડાયાબીટીસમાં આમળાનું ચૂર્ણ ૨ ચમચી અને હળદર ત્રણવાર લેવાથી લોહીની ખાંડ નિયંત્રિત થાય છે.

ગાયકે અવાજ સારો રાખવામાં હળદરના ૩ વાર કોગળા કરવા.

અવાજ બેસી ગયો હોય તો હળદર ચૂર્ણ દૂધમાં ઘુંટી ૩ વાર પીવું. આજ કાલ હળદરમાં ભેળસેળ થાય છે.

પીળા લાકડાનો વેર કે રંગ નાખી છેતરપીંડી કરાય છે તે ચકાસવા આવી હળદર પાણીમાં નાખતા રંગ ઉપર અને ભૂકો નીચે તરી આવે છે. હળદર સારી ગુણવત્તાની હોય તોજ ઔષધ તરીકે વપરાય છે.

**‘‘પીળી તૂરી હળદર મટાડે શરીરની કળતર,**
**આપે તમને વળતર ને ગુણોમાં બળવતર,**
**કોલેસ્ટ્રોલની ફાડે પત્તર, તન, મન ને ના કરે નડતર.’’**

હળદર ખોરાકને આકર્ષક બનાવે છે. પણ વધુ ન ખાવી. કારણ ગરમ છે. હળદર વગરનું ઘર ‘લઘર વઘર’ હળદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

## ભેટની યાદી

### સમાજને ભેટ

૫૦૦/- શ્રીમતી તરૂબેન પ્રમોદરાય મહેતા તરફથી સ્વ. પ્રમોદરાય ધરમશીભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જયેન્દ્રભાઈ પોપટલાલ મહેતા તરફથી ચિ. પ્રતિકના વેવિશાળ પ્રસંગે સમાજને ભેટ

૨૫૧/- જયેન્દ્રભાઈ પોપટલાલ મહેતા તરફથી ચિ. પ્રતિકના વેવિશાળ પ્રસંગે સોરઠ વિશાશ્રીમાળી બોરીવલી મંડળને ભેટ

### મુખપત્રને ભેટ

૫૦૦/- સ્વ. ન્યાલચંદ મહેતા પરિવાર જેતપુર તરફથી ચિ. આકાશ મનીષ મહેતાના વેવિશાળ પ્રસંગે મુખપત્રને ભેટ

૨૫૧/- જયેન્દ્રભાઈ પોપટલાલ મહેતા તરફથી ચિ. પ્રતિકના વેવિશાળ પ્રસંગે મુખપત્રને ભેટ

૨૫૦/- શ્રીમતી તરૂબેન પ્રમોદરાય મહેતા તરફથી સ્વ. પ્રમોદરાય ધરમશીભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇ કાયમી આર્થિક સહાયમાં ભેટની યાદી

૧,૦૦૦/- શ્રીમતી નવલબેન શરદચંદ્ર વસાના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી હસ્તે (જયેશભાઈ)

૫૦૦/- સ્વ. ન્યાલચંદ મહેતા પરિવાર જેતપુર તરફથી ચિ. આકાશ મનીષ મહેતાના વેવિશાળ પ્રસંગે આર્થિક સહાય

૫૦૦/- સ્વ. ન્યાલચંદ મહેતા પરિવાર જેતપુર તરફથી ચિ. આકાશ મનીષ મહેતાના વેવિશાળ પ્રસંગે અનાજ વિતરણ

૫૦૦/- શ્રી દિપેનભાઈ જયંતીલાલ ભુદરજી મહેતા તરફથી ચિ. ધવલના લગ્ન પ્રસંગે

૫૦૦/- શ્રીમતી તરૂબેન પ્રમોદરાય મહેતા તરફથી સ્વ. પ્રમોદરાય ધરમશીભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જયેન્દ્રભાઈ પોપટલાલ મહેતા તરફથી ચિ. પ્રતિકના વેવિશાળ પ્રસંગે શુભેચ્છક મિત્ર મંડળને ભેટ

૧૦૦/- રમણિકલાલ ચંદુલાલ સંઘવી જયને ત્યાં કન્યારત્નનાં જન્મ નિમિત્તે

### તારાચંદ ધનજી તબીબી રાહત ફંડ

૫૦૦/- ન્યાલચંદ મહેતા પરિવાર જેતપુર તરફથી ચિ. આકાશ મનીષ મહેતાના વેવિશાળ પ્રસંગે

૫૦૦/- શ્રીમતી તરૂબેન પ્રમોદરાય મહેતા તરફથી સ્વ. પ્રમોદરાય ધરમશીભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- સ્વ. ડૉ. ગિરીશભાઈ જયસુખભાઈ મહેતા, બોરીવલી પરિવાર તરફથી

સ્વ. શ્રીમતી જયશ્રીબેન ગિરીશભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

### મુખપત્ર આજીવન

| | | |
|---|---|---|
| ૧,૫૦૦/- | હરેશભાઈ ધીરજલાલ મહેતા | સુરત |
| ૧,૫૦૦/- | કૌશલ કે. દોશી (C.A.) | મુંબઈ |
| ૧,૫૦૦/- | ભાવીક એચ. શાહ | ભાયંદર |
| ૧,૫૦૦/- | હસમુખભાઈ ડી. શાહ | ભાયંદર |
| ૧,૫૦૦/- | વીરેન્દ્રભાઈ લવચંદ કોરડીયા | બોરીવલી |

## સરનામામાં ફેરફાર

**અરવિંદ હિંમતલાલ કોરડીયા**

1802, Jade Imperial, Plot No. 361, Dr. Babasaheb Ambedkar Road, Near Maheswari Udayan, Matunga (C.R.),Mumbai - 400 019.
Mob.: 9322249554 / 9867358888

**કિરીટ ઢોળકીયા**

402, Gulmohar Terrace, Factor Lane, Off L.T. Road, Above Antara Jewellers, Borivali (W), Mumbai - 92.
Mob.: 9323469586

**રાજેશ દોશી**

9, Nafar Kundu Road, Siddharth Landmark, 3rd Floor, Kolkata - 700 026.

**દિપક એમ. મહેતા**

H/201, Vardhman Nagar, Dr. R. P. Road, Mulund (West), Mumbai - 400 080. Mob.: 9821056630

**વિપુલ મહેતા**

103, Skyhigh Tower, Orlem Tank Road, Malad West, Mumbai 400064, Mob. 9323566000 Res. 28065212

**વીરુ પી. મહેતા**

510, 1st Floor, 5th Cross HMT Layout Ganganagar Near, BMTC Bus Depot, RT Nagar, Bangalore 560032, Karnataka

**પ્રવીણભાઈ સંઘવી**

Joy Valencia, A wing Flat no 1104. Off JVLR. Jogeshwari East. Behind Majas Bus Depot. Near Shyam Nagar. Mumbai 400060.

**બળવંતરાય પી. રામાણી**

B 301, Harmony Apartment, Opp. D MART, Yashwant Viva Township, New Nalasopara Vasai link road, Nallasopara - East Palghar - 401209
Mobile no. 9321454457

**પ્રમોદ મનસુખલાલ મહેતા**

B-705, Harmony Apartment, Opp. D MART, Yashwant Viva Township, New Nalasopara Vasai link road, Nallasopara - East Palghar - 401209
Mobile no. 9967549494

## ફૂલડાંની ફોરમ

ફૂલડાંની ફોરમ કોલમ અંતર્ગત ૩ વર્ષથી નાનાં બાળકોના ફોટા તેમના જન્મદિન નિમિત્તે ફ્રી છાપવામાં આવશે. તો આપ સૌ જ્ઞાતિજનનોને વિનંતી છે કે આપના પરિવારમાં કોઈપણ ૩ વર્ષની ઉંમર સુધીનાં બાળકોનો જન્મદિન જે માસમાં આવતો હોય તે માસમાં તેનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો તથા જન્મ તારીખ, માતા-પિતાનું નામ, મૂળ વતન અને હાલનું પૂરૂં સરનામું લખવું.

## સંસ્થા સમાચાર

આપણા સમાજની ઓફિસ લોકડાઉન સમયે બંધ હતી તે હવે ચાલુ છે. અને હમણાનો સમય બપોરે ૧-૩ સુધીનો રહેશે. તો સહુએ નોંધ લેવા વિનંતી.
આપણા સર્વે સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપ સહુ વેબ-સાઈટ માટે આપના કુટુંબના વડિલનું નામ અને એડ્રેસ તથા મોબાઈલ નંબર સાથે રજીસ્ટર કરો.
**Website Registration** માટેનો **Mobile No. 9372118417**

## અવસાન નોંધ

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

માણાવદર નિવાસી હાલ રાજકોટ સ્વ. હરસુખલાલ મોહનલાલ મહેતાના સુપુત્ર શ્રી. કિશોરચંદ્ર (ઉ.વ. ૭૬) તા. ૨૬.૨.૨૦૨૧ ને શુક્રવારે અરિહંત શરણ પામેલ છે.

❊❊

ધોરાજી હાલ બોરીવલી શ્રી હર્ષદભાઈ જમનાદાસ વોરા અરિહંત શરણ પામેલ છે.

❊❊

માતુશ્રી નવલબેન શરદચંદ્રભાઈ વસા તા. ૧૬.૨.૨૦૨૧ ના અરિહંત શરણ પામેલ છે.

❊❊

મોટી પાનેલી નિવાસી હાલ કાંદિવલી સ્વ. ગુલાબબેન ધરમશીભાઈ મહેતાના સુપુત્ર પ્રમોદભાઈ ધરમશીભાઈ મહેતા (ઉ.વ. ૭૨) તા. ૮.૯.૨૦૨૦ને મંગળવારને અરિહંત શરણ પામેલ છે.

❊❊

પાટણવાવ નિવાસી હાલ લંડન શ્રીમતી રંજનબાળા ગુણવંતરાય વસા (ઉ.વ.૮૨) તા. ૨૫.૨.૨૦૨૧ના લંડન મુકામે અરિહંત શરણ પામેલ છે.

❊❊

જેતપુર નિવાસી હાલ દહાણુ રોડ શ્રી રમણીકલાલ દોશીના પુત્ર ભરતકુમાર દોશી (ઉ.વ.૬૮)તા. ૧૪.૩.૨૦૨૧ સોમવારને અરિહંત શરણ પામેલ છે.

## માર્ચ માસના મુખપત્રના ''સૌજન્યદાતા''



શ્રીમતી ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસા

શ્રીમતી ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસાએ આપણા સમાજના મહિલા વર્ગને નેતૃત્વ પૂરું પાડ્યું છે. તેઓએ અંધેરી, બાંદરા એસ.વી. જૈન સોશ્યલ સેન્ટરના લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

શ્રીકાંતભાઈ વસાની સફળતા પાછળ તેઓ એક મજબૂત પ્રેરક બળ રહ્યાં છે. તેમણે સામાજિક કાર્યો સાથે ગૃહિણી તરીકેની ફરજ ઉત્તમ રીતે નિભાવી છે અને પ્રસન્ન દામ્પત્યમાં મધુરતાની મહેક ઉભી કરી છે.

સંબંધોમાં સરળતા, મિલનસાર સ્વભાવ, મૈત્રીભાવ, દયા અને કરુણા આ બધા ગુણોએ તેમના વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો છે. પારિવારીક શાંતિ, સદ્‌ભાવ અને સર્વને ઉપયોગી થવાની ભાવના હંમેશાં તેમના દિલમાં વહેતી રહી છે અને તેમના પરિચયમાં આવતા સૌ કોઈની લોકપ્રિયતા હાંસલ કરી છે. પરિવારમાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું સિંચન કરીને એક સુખી જીવનનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને તેમને જીવનમાં પોતાની રીતે સ્વમાનથી કઈ રીતે ઊભા રહેવું તેના સંસ્કાર આપ્યા છે. તેમની મોટી પુત્રી આર્કિટેક્ટ (ડાયમંડ જ્વેલરી) તથા નાની પુત્રી સીએ. ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ છે અને તેમણે સફળ કારકિર્દી બનાવી છે.

ઈન્દુબેનને કોઈપણ જાતનું અભિમાન કે કીર્તિ પ્રસિદ્ધિનો મોહ નથી. જે કાંઈ કરવું તે ચુપચાપ કરવું અને તેનો સંતોષ માણવો એ તેમનો સ્વભાવ છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન અને હિતવર્ધક છે. ઈન્દુબેન ખૂબ જ વ્યવહારકુશળ, પ્રેમાળ અને આનંદસભર વ્યક્તિત્વ ધરાવે છે. આદર્શ ગૃહિણી, સર્વગુણ સંપન્ન નારી, મમતાળુ માતા તરીકેની ભૂમિકા તેમણે સુપેરે નિભાવી છે.

સાવરકુંડલાથી મુંબઈ જેવા શહેરમાં આવીને પોતાની ડહાપણ, સમયસૂઝથી પરિવારમાં સમાઈ જઈને તેમણે સર્વના દિલ જીતી લીધાં હતાં અને પોતાની આંતરશક્તિ દ્વારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. જીવનમાં ભણતર કરતાં ગણતર વધુ મહત્ત્વનું છે અને જીવન એક મોટી પ્રયોગશાળા છે અને એમાં શીખતાં રહેવાનું છે એ તેમણે અનુભવથી સાબિત કર્યું છે.

તેઓ સંગીત, સાહિત્ય અને કલામાં ઊંડો રસ ધરાવે છે અને કલાગુર્જરી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલાં છે. જીવનમાં સુખ અને દુઃખનું સમાનભાવે સ્વાગત કર્યું છે અને બધાંમાંથી પસાર થઈને તેમણે જીવનને ધ્યેયપૂર્ણ બનાવ્યું છે.

સમાજોત્કર્ષના અભિગમમાં ઈન્દુબેન ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં રહે તથા ઈશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્‌ભાવના.

# શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર

(મુળવતન : ખીરસરા - જેતપુર, હાલ : ભિવંડી-મુલુન્ડ)

Trusted Since 1975

**Gunvant V. Mehta**
+91 98223 97900
gvmehta1951@gmail.com

**Alpesh G. Mehta**
+91 93263 31199, 99210 10476
suvidhasalescorp@gmail.com

## Suvidha

## SALES CORPORATION

Importers & Dealers :
All Types of Textile Weaving Accessories & Machineries
Genuine Spare for Rapier, Ruti-C, Punching Machine, Drop Pin Machine
& Drop Pins, Flat Healds J & C Type in All Size & All Types

2/14, Kashinath Bhavan, Agra Road,
Near Ratan Talkies, Bhiwandi-421302,
Dist. Thane, Maharashtra, India.

+91 2522 - 221595, 221675, 251199
+91 93205 68368
suvidhasalescorp@gmail.com

જ્યાં સરળતા..... ત્યાં સફળતા.....



RNI - 22805 / 73 - SOATH VISHSHRIMALI (Guj. Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002.
Printed & Published by : Kirtiben Mayurbhai Mehta on behalf Shri Sorath Visa Shrimali Jain Samaj Printed at Arihant Printing Press - Mo. : 9223430415
if Undelivered Pl. return of - Shri Sorath Visa Shrimali Jain Samaj 4, Devkaran Mansion, Bldg., No. 7, 2nd Flr., 24, Vithaldas Road, Mumbai-400002. Maharashtra (India)